

يا عباس ع
ઈ.જઅફરે સાદીક અ.સ. "જે શખ્સ અમારો ઝિક્ર સાંભળે, રોવે અને તેની આંખમાંથી આસું નીકળી જાય, તો હકતઆલા તેના ઉપર દોઝખને હરામ કરી દેય છે".
અય જદ્દે મઝલુમ! યકીનન હું આપના ઉપર સવાર, સાંજ આંસુ વહાવતો રહીશ, એટલે સુધી કે આંસુના બદલે ખુનનાં આંસુ રડતો રહીશ.... (ઈ.ઝમાના અ.સ.)
(બેહાર વો.૧૦૧, પેજ.૨૪૭)
યુસુફે ઝહરા
ઈ.મહદી (અ.સ.) ભાગઃ- ૧૦
મજાલિસે ઈ.હુસૈન (અ.સ.)
يا أبا عبد الله
حسين
إن الحسين مصباح الهدى وسفينة النجاة

# યુસુફે ઝેહરા

# ભાગ: ૧૦


١٠ مُحَرَّمُ الْحَرَام
يَوم عَاشُورَه
ASHURA: THE DAY
THE SKIES WEPT
BLOOD FOR
IMAM HUSAYN (AS)
ISLAMICOCCASIONS.COM
اُن کے گھر میں بے اجازت جبرائیل آتے نہیں
قدر والے جانتے ہیں قدر و شانِ اہلبیت

# મજાલિસે ઈ. હુસૈન અ.સ.

# અનુક્રમણીકા

| | |
|---|---|
| ૧. | એહલેબૈત પ્રત્યે મોહબ્બત. |
| ૨. | ખાકે શીફાની ફઝીલત અને હ.મુસ્લીમ અ.સ.ની શહાદત. |
| ૩. | ઇ.હુસૈન (અ.સ.)ની અઝાદારીની ફઝીલત. |
| ૪. | જ.ફાતેમા ઝહેરા સ.અ.ની ફઝાએલ. |

| | |
|---|---|
| ૫. | ઇ.હુસૈન અ.સ.ના સરે મુબારકે હિદાયત કરી. |
| ૬. | ઇ.હુસૈન અ.સ.હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી. |
| ૭. | ઇ.હસન અ.સ. અને ઇ.હુસૈન અ.સ.ની ફઝાએલ . |
| ૮. | ઇ.ઝમાના અ.સ.માતમી ઝુલુસમાં. |
| ૯. | ઇ.હુસૈન અ.સ.ના લોહીએ હિદાયત કરી. |

| | |
|---|---|
| ૧૦. | **ઇ.હુસૈન અ.સ.ની ઝિયારત અને ઝિયારતે આશુરાની ફઝીલત.** |
| ૧૧. | **ગમે હુસૈન અ.સ.માં વહેતા એક આસું થકી નજાત.** |
| ૧૨. | **મજલીસે અઝા થકી હીદાયત.** |

# મજલીસની શરૂઆતમાં પઢવાનો ખુત્બો

**લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.**

**અઉઝો બિલ્લાહે મેનશ્શયતાનીર રજીમ.**

**બીસ્મીલ્લાહે રહમાનીર રહીમ.**

**અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વલ આકેબતો લે અહલીત્તકવા વલ યકીન. અસ્સલાતો વસ્સલ્લામો અલા અશરફીલ અંબીયાએ વલ મુરસલીન.**

હબીબે એલાહીલ આલમીન, અબીલ કાસીમે મોહમ્મદ.(સલવાત) સલ્લલાહો અલા એહલેબય્તેહીત્તય્યેબીન ત્તાહેરીનલ મઅસુમીન વ લઅનતુલ્લાહે અલા આઅદાએહીમ અજમઈન.

# મજલીસ - ૧

## એહલેબૈત (અ.મુ.સ.) પ્રત્યે મોહબ્બત

**બીસ્મીલ્લા હીર રહમા નોર રહીમ. કાલલ્લાહો તબારક વ તઆલા ફી કુર્આનીલ કરીમ.કુલ લા અસ્અલોકુમ એલ્યહે અજરન્ ઈલ્લલ મવદત્તા ફીલ કુરબા. (સુ.શુરા આ.૨૩)**

આવો આપણે ઝિક્રે હુસૈન અ.સ.ની શરૂઆત વારીસે હુસૈન અ.સ.ની સલામતી માટે દુઆથી કરીએ. અલ્લાહુમ્મ કુન લે વલીય્યેકલ..... તવીલા.

અલ્લાહ ત. કુર્આને મજીદમાં સુ.શુરા આ.૨૩ માં ઈરશાદ ફરમાવે છે. ‘‘હું તમારાથી આ (રિસાલતના બદલામાં) કાંઈ મહેનતાણુ (બદલો - વળતર) નથી ચાહતો, સિવાય મારી એહલેબૈતની મોહબ્બત’’ (સુ.શુરા.૨૩)

ઈ.જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે, કે આ આયત અમારા વિશે નાઝીલ થઈ છે.

આ આયતમાં રસુલ સ.આપણને એહલબૈત (અ.મુ.સ.)થી મહોબ્બત રાખવાની તાકીદ કરે છે. એહલેબૈત (અ.મુ.સ.) થી મોહબ્બત રાખવાનો ફાયદો બતાવતા રસુલેખુદા સ.અ.વ. આ આયતની તફસીરમાં ફરમાવે છે,

‘‘જે કોઇ આલે મોહમ્મદની મોહબ્બત ઉપર મરશે તે શહીદ મરશે... જે આલે મોહમ્મદની મોહબ્બત ઉપર મરશે, તો તે મગ્ફુર (જેની તૌબા કબુલ થઇ ગઇ હોય) મરશે, એટલે કે ગુનાહોથી પાક થયેલો. જે આલે મોહમ્મદની મોહબ્બતમાં મરશે, તે સંપૂર્ણ ઇમાન સાથ મરશે. તેને મલેકુલ મૌત જન્નતની ખુશખબરી આપશે,જે આલે માહમ્મદની દુશ્મની પર મરશે તે કાફીર મરશે.

ઇ.જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે, દરેક વસ્તુનો કોઇ પાયો હોય છે. ઇસ્લામનો પાયો અમો એહલેબૈત અ.મુ.સ.ની મહોબ્બત છે.

જયારે ઈન્સાન એહલેબૈતનો ચાહવા વાળો હોય, તેનો મોહિબ હોય તો તેનો દરજજો શું છે? અને મોહિબ્બે એહલેબૈત કેવા હોય છે?

સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અ.સ. ફરમાવે છે, જે અમારી સાથ મોહબ્બત કરશે, તે અમો એહલેબૈતમાંથી હશે. રાવી કહે છે કે મે આશ્ચર્યથી પૂછયું : એહલેબૈતમાંથી હશે? આપે ત્રણ વખત ફરી ફરીને કહ્યું હા,એહલેબૈતમાંથી હશે. તેથી જે માણસ અમારી ઈતાઅત કરે (અમારા હુકમો પ્રમાણે અમલ કરે) તે યકીનન્ અમારા માંથી છે. (નઝહતુન નાઝીર વ તંબીયુલ ખ્વાતીર,પે-૫૮,હદીસ-૧૯)

આ હદીસથી એ સાબિત થાય છે,કે માત્ર મોહબ્બતનો દાવો કાફી નથી. પરંતુ
સાથ સાથ આપણે તેમની ઈતાઅત અને તેમના હુકમોની પૈરવી કરવી જોઈએ.

રસુલે ખુદા (સ.અ.વ.) જ.સલમાન (અ.ર)નાં બારામાં ફરમાવે છે, કે 'અસ્સલમાનો મિન્ના

અહલલબયત. સલમાન અમો એહલેબયતમાંથો છે. કારણ જ.સલમાન રસુલેખુદા સ.અ.વ.નાં ઈતાઅતગુજાર સહાબી હતા, અને દરેક વાતમાં રસુલે ખુદા સ.અ.વ. ની ઈતાઅત કરતા.

બીજી તરફ નુહ અ.નો દિકરો કે જે નુહ અ.નો નાફરમાન હતો. અઝાબે ઈલાહીથો બચવા કશ્તીમાં સવાર ન થયો. પહાડ પર ચાલ્યો ગયો. ડુબવાની તૈયારીમાં હતો. અલ્લાહે અવાજ આપી,અય નુહ અ. તે તમારી એહલમાંથો નથો...

ઈ.હુસયન અ.સ. ફરમાવે છે,કે અમારી મોહબ્બત ગુનાહોને એ રીતે ખેરવી નાખે છે. જે રીતે ફુંકાતો પવન ઝાડના પાંદડાઓને ખેરવી નાખે છે. આનો અથં એ કે એહલેબૈત અ.મુ.સ.નો દોસ્ત, તેના ચાહવાવાળા ગુનાહોથો દૂર રહે છે, અને ઈસ્તીગ્ફાર, તૌબા થકી તેના ગુનાહોને માફ કરાવી લેય. (હાંસિયા :તારીખે ઈબ્ને અસાકીર પા.૧૫૯) ઈ.હુસયન અ.સ. ફરમાવે છે,અમારા મોહિબને શફાઅત પ્રાપ્ત થશે.

આમ જે માણસ દિલથી એહલેબૈય્તથી મોહબ્બત કરે છે, તે તેમનો ઇતાઅત ગુજાર બંદો હોય છે, અને કયામતનાં દિવસે તે શફાઅતને પાત્ર બનશે.

ઇમામના ચાહવા વાળા કેવા હોય છે, તેનો એક વાકેઓ સાંભળીએ.....

કરબલાના બનાવ પછી જયારે એહલેબૈત અ.મુ.સ.નો કાફલો કુફામાં હતો. અબ્દુલ્લાહ બીન અફીક કે જેઓ એહલેબૈતનાં ચાહવાવાળા હતા અને અલી અ.સ.ના શીઆમાંથી હતા. તેઓ બંને આંખે અંધ હતા. તેમની એક આંખ જંગે જમલમાં અને એક આંખ જંગે સિફફીનમાં શહીદ થઇ ગઇ હતી. ત્યારથી તેઓ અંધ થઇ ગયા. કિતાબ લહુફમાં સૈયદ ઇબ્ને તાઉસ અ.ર. આ વાકેઓ લખે છે.

એક વખત ઇબ્ને ઝિયાદ (લ.અ.) કુફાની જુમ્આ મસ્જીદમાં આવ્યો. તેણે ખુત્બો આપવાનું શરૂ કર્યું, ખુત્બામાં તેણે બની ઉમય્યાની હિમાયત કરી અને

ઇ.હુસૈન (અ.સ.) અને આપના પિતાની શાનમાં ખરાબ શબ્દો કહયા. જયારે તે આ શબ્દો બોલી રહયો હતો, ત્યારે ખુત્બાની વચ્ચે લોકોમાંથી અબ્દુલ્લાહબીન અફીક ઉભા થઇ ગયા. મૌલાએ કાએનાતનાં આ અંધ સહાબીએ ઇબ્ને ઝિયાદને ખુત્બાની વચ્ચ રોકતા કહયુ ... અય ઝાલીમ અય ગુનેહગાર, એ ઇબ્ને મરજાનાનાં પુત્ર, તું જૂઠો અને તારો બાપ જૂઠો, અને જેણે તને ગવર્નર બનાવ્યો છે, તે જુઠો. રસુલે ખુદા સ.ની પાક ઔબાદને કત્લ કરીને તું મોઅમીનોનાં મીમ્બર ઉપર બેઠો છે, એહલેબૈત (અ.મુ.સ.)ની શાનમાં હલકા શબ્દો બોલે છે. તે એહલેબૈત (અ.મુ.સ)ને તે કત્લ કર્યા.

ઇબ્ને ઝિયાદ મલઉન (અલ્લાહ લઅનત કરે તેના પર) બોલ્યો,મારી સાથ આ રીતે સખ્તાઇથી વાત કરનાર કોણ છે? અલ્દુલ્લાહ બીન અફીક કહે છે,હું છું. આ તારી સામે ઉભો છું. તુ નબીની આલને કત્લ કરે છ, અને છતા પોતાને મુસલમાન ગણવાની હિંમત કરે

છે? હે મુહાજીરો અને અન્સારો ! ખુદાથી ફરિયાદ કરો અને આ કાફીર પાસેથી અલ્લાહ તેના ગુનાહનો બદલો લેય. આ તે છે જેને પૈગમ્બર સાહેબે લઅીનનો પુત્ર લઅીન કહયો છે.

આટલુ સાંભળતા ઇબ્ને ઝિયાદ મલઉનનાં શરીરમાં ગુસ્સાની આગ ફેલાઇ ગઇ. એણે ઇબ્ને અફીફને ગિરફતાર કરવાનો હુકમ આપ્યો. લોકો આ અંધ માણસ ઉપર તુટી પડયા. ઇબ્ને અફીફ ગિરફતાર થઇ જવાની તૈયારીમાં હતા. ત્યાં અઝદ કબીલાનાં લોકો કે જે તેમના સગા થતા હતા, તેમણે અબ્દુલ્લાહને છોડાવ્યા. ઇબ્ને ઝિયાદનાં દિલમાંથી કિનો દૂર ન થયો. ફરીવાર અબ્દુલ્લાહને ગિરફતાર કરવા માણસો મોકલ્યા. અઝદ કબીલાનાં લોકોને ખબર પડી, તો તેઓએ તલવારો હાથમાં લીધી. આ તૈયારી જોઇને ઇબ્ને ઝયાદ (લ.અ.)નાં માણસો ચાલ્યા ગયા. ફરી ઇબ્ને ઝિયાદે (લ.અ.) મોહમ્મદ બીન અશઅશને મુઝીરનાં લોકો સાથ મોકલ્યો. બંને કબીલા વચ્ચે

લડાઇ થઇ. અબ્દુલ્લાહનાં સાથીઓ હાર્યા અને વેરવિખેર થઇ ગયા.

દુશ્મનનાં સૈનિકો અબ્દુલ્લાહ બીન અફીફને ગિરફતાર કરવા ઘરમાં ઘુસી ગયા. અબ્દુલ્લાહની દિકરીએ કહ્યું, કે તમને ગિરફતાર કરવા સૈનિકો આવી ગયા છે. એટલે બહાદુર પિતાએ તેની બહાદુર પુત્રીને કહ્યું કે મારી તલવાર મને આપ, હું જીવીશ ત્યાં સુધી તેમનો મુકાબલો કરીશ.

તલવાર લઇને અબ્દુલ્લા બંને આંખે અંધ હોવા છતાં લડવા માટે બહાર નીકળ્યા અને દુશ્મનો ઉપર તૂટી પડયા. તેની બહાદુર પુત્રી તેમની બાજુમાં ઉભી રહી ગઇ. અને તે તેમના પિતાને દુશ્મનો કઇ તરફથી હુમલો કરે છે તે બતાવતી રહી. ઘણા બધા યઝીદી કુફી સૈનિકોને જહન્નમ વાસિલ કર્યા,પણ અંતે અબ્દુલ્લાહ ગિરફતાર થયા. ઇબ્ને ઝિયાદનાં દરબારમાં અબ્દુલ્લાહને લાવવામાં આવ્યા.

ઇબ્ને ઝિયાદ બોલ્યો, અલ્લાહનાં શુક્ર કે તેણે તને ગિરફતાર કરાવ્યા. અબ્દુલ્લાહએ કહ્યું કે અગર મારી આંખો સલામત હોત તો તને ખબર પડતી કે હું કેમ ગિરફતાર થાઉ છુ? તું તારા લશ્કરનાં સેનાપતિને પુછ કે અબ્દુલ્લાહને પકડતા પહેલા કેટલી લાશો ઉપરથી આવવું પડયુ? મે તો શહીદ થવા માટે ત્યારે દુઆ માંગી હતી, જયારે તારી તવાએફ માઁ એ તને જન્મ પણ આપ્યો ન હતો. મે દુઆ કરી હતી કે અલ્લાહ મને તારી મખ્લુકનાં મલઉન અને મગઝુબતરીન ઇન્સાનના હાથ શહાદત નસીબ કરે.આજે મને યકીન થઇ ગયુ કે મારી દુઆ અલ્લાહે કબુલ કરી. આખરે ઇબ્ને ઝિયાદ મલઉને આપને શહીદ કરી દીધા,અને આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઇ. (દમઅતુસ્સાકેબાહ ભાગ.૨/૨૮૬ થી ૨૮૮) (ઇ.ઝયનુલ આબેદીન અ.સ. નું જીવન ચરિત્ર પે.૨૮ થી ૩૩)

ઇમામ અ.સ.ના મોહિબ્બો આવા હોય છે. અય અબ્દુલ્લાહ આપ ખુશનસીબ હતા કે આપના કબીલાએ

આપનો સાથ આપ્યો. હાય ! કરબલા ઈ.હુસૈન અ.સ. રણમેદાનમાં એકલા છે અને આવાઝ આપી રહયા છે, હલ મીન નાસેરીન યન્સોરોના... છે કોઈ જે અમારી મદદ કરે....?

આજે જયારે મોહર્રમનો ચાંદ નીકળ્યો, તો અઝાદારોની આંખોમાંથો આસું નીકળી આવે છે... આ એ પ્યાસા અને મઝલુમ લોકોનો ચાંદ છે.. આ ચાંદ નીકળતા અઝાખાનામાં મજલીસ અને માતમ માટે ફર્શ બીછાવી દેવામાં આવે છે. સબીલો લાગી જાય છે,કારણ કે કરબલા વાળાને પ્યાસા અને મઝલુમ શહીદ કરી દેવામાં આવ્યા... ઈ.ઝમાના અ.સ. આપના જદ્ ઈ.હુસૈન અ.સ.ની પ્યાસને વર્ણવતા કહે છે,કે મારા એ જદ્દે મઝલુમ ઉપર સલામ, કે જે એટલા પ્યાસા હતા કે તેમની આંખ સામે જમીનથો આસમાન સુધી ધુમાડા જેવુ દેખાતુ હતું .આ એ ચાંદ છે,જેને નીકળવાની સાથ અઝાદારો જમીન ઉપર સુવાનું શરૂ કરી

દેય છે,કારણ કે મઝલુમ કૈદી અને યતીમને ખાક ઉપર પણ આરામ ન હતો.

આજે એવુ કયું ઘર છે,જેમા અઝાખાનું ન હોય? આજેએવુ કયું દિલ છે, જે ગમગીન ન હોય?

આહ! આહ! ફાતેમા (સ.અ.) નું ઘર વિરાન થઇ ગયું. મુસાફર પરદેશમાં પ્યાસા શહીદ થઇ ગયા. મય્યત બે ગૌરો કફન પડી રહી. એહલે હરમનો કાફલો રસ્તામાં ઝાલીમોનાં સીતમને સહન કરતા કરતા યઝીદનાં દરબારમાં પહોંચ્યો.

યઝીદ (લ.) નો દરબાર છે. એક પેટીમાં ઇ.હુસૈન અ.સ.નું સર મુબારક રાખવામાં આવ્યું છે. કમસીન સકીના..તેને જોઇ રહી રહી હતી. બાપનું સર જોઇને દીકરીનું દિલ ટુકડે ટુકડા થઇ રહયું હતું. હાય બાબા ઝાલીમોએ તમને કત્લ કરી દીધા...... અમને તમાચાઓ માર્યા. અમને ચાબુક અને કોરડાઓ માર્યા. હાય બાબા સકીનાની ખબર લ્યો...હાય કાકા પણ ન આવ્યા અને ભાઇએ પણ મને ભુલાવી દીધી.... મ઼ાં

કલેજાથી લગાડે છે,તો રોવા લાગે છે...હું કુકીમાં પાસે જાવ  છું,તો તેમના પણ આંસુ અટકતા નથી. નાનકડી સકીનાં આ વિચારોમાં હતી ત્યાં યઝીદ (લ.) બોલ્યો. મે સાંભળ્યું છે, કે તારા બાબા તને ખુબ ચાહતા હતા, આ તેનું સર છે. મારી શેહઝાદી આસુ પીઈને બોલ્યા, શા માટે દિલ દુખાવે છે, અમને સતાવે છે. પરંતુ તે બચ્ચીને દુઃખી કરવાની નિય્યત કરી ચુકયો હતો. તે મલઉન બોલ્યો ‘‘સકીના (સ.) હું ત્યારે માનીશ કે હુસૈન (અ.સ.) તને વધારે ચાહતા હતા કે તુ અવાઝ આપ અને સરે હુસૈન (અ.સ.) તારા ખોળામાં આવી જાય.

આ સાંભળ્યુ તો બેકરાર સકીના (સ.અ.) એ તેમનાં કુર્તાનો સળગેલો દામન ફેલાવી દીધો. બાબા ! મારા બાબા ! તમે તમારી સકીનાની ઇઝઝત રાખી લ્યો. આ ઝાલીમની સામે...બાબા મારી ગોદમા આવી જાવ મારા બાબા, આ તમારી સકીના તમને બોલાવે છે. અય નાની મઅસુમ સકીના (સ.અ.)ના

ચાહવાવાળાઓ, આટલુ સાંભળ્યું અને ઇ.હુસૈન અ.નું સર બલંદ થયુ અને આ નાનકડી સકીનાની ગોદમાં આવી ગયું.

એહલે હરમ રોવા લાગ્યા.દરબારીઓ પણ આંસુ પોંછવા લાગ્યા. યઝીદ પણ મોં ફેરવવા પર મજબુર થઇ ગયો. કમસીન સકીના બાબાનું મોં ચુમતી જાતી હતી અને રડતા રડતા ફરિયાદ કરતી હતી કે બાબા હું પ્યાસી છું.બાબા મે તમાચાઆ ખાધા. બાબા જુઓ તો ખરા મારા કાનમાંથી ખૂન વહી રહયું છે... બાબા મારા ગળામાં તો જુઓ રસ્સીના કારણે ઝખ્મ થઇ ગયું. બાબા મને તમારી પાસે બોલાવી લ્યો...હાય બાબા હાય બાબા (મસાએબે કરબલા પે.૪૧ થી ૪૪) અલા લઅનતુલ્લાહે અલલ કવ્મીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યકલ ફરજ. (સુરે ફાતેહા શોહદાએ કરબલા અસીરાને કરબલાની ખિદમતમાં હદિયો કરે...)

# મજસીલ - ૨

# ખાકે શીફાની ફઝીલત અને હ.મુસ્લીમ અ.સ.ની શહાદત

**બીસ્મીલ્લા હીર રહમાનીર રહીમ.**

**કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.) ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત.....**

રસુલેખુદા સ.અ.વ. ફરમાવે છે,કે મેઅરાજમાં મે અર્શે ઈલાહી તરફ જોયું, જયાં ઈ.હુસૈન અ.સ.નાં બારામાં લખાયેલુ હતુ. ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઈ.હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કિશ્તી (હોડી) છે.

ઈ.હુસૈન (અ.સ.) અને તેમનાથી મન્સુબ દરેક બાબત પણ હિદાયતનો સબબ બને છે.એટલુ જ નહિં આપ જે માટી પર શહીદ થયા, તે ખાકને ખાકે શિફાનો

દરજજો મળ્યો,ક્રરબલાની એ માટી ખાકે શિફા જન્નતનો ટુકડો છે.

ઇમામ અ.સ.થી કોઇ ચીજ મન્સુબ થઇ જાય તો તે પણ નજાતનો ઝરીઓ બની જાય છે. આવો આપણે જોઇએ કે ખાકે શફાના બારામાં અઇમ્મા (અ.મુ.સ.) શું ફરમાવે છે, તે જોઇએ.

(૧) કરબલાની જમીન જન્નતની સૌથી ફઝીલતવાળી જમીન છે. તેનું નુર જન્નત વાસીઓને આંજી દેશે. આ જમીન ઉપર જન્નતમાં અંબીયા, રસુલો,ઉલુલઅઝમ અમ્બીયાઓ રહેશે. કરબલાની તુરબત અને પાણીમાં શફા છે. (કામિલુઝ ઝિયારત પે.૨૭૧)

(૨) ઇ.સાદિક અ.સ. ફરમાવે છે, ‘‘ઇ.હુસૈન (અ.સ.)ની કબ્રની ખાક ઉપર સીજદો કરવાથી સાત જમીનો પ્રકાશિત થઇ જાય છે.’’(વસાએલુ શ્શીઆ વો.૫/પેજ.૩૬૫ - ૩૬૬) (સાત પરદા હટી જાય છે,એટલે કે ગુનાહોના પરદા દૂર થઇ જાય) જયારે

ઇન્સાન પાક ખાક ઉપર સજદો કરે છે ત્યારે તેનામાં નમ્રતા, આજેઝી પૈદા થાય છે.

(૩) ઇ.જઅફરે સાદિક અ. ફરમાવે છે,કે ઇ.હુસૈન (અ.સ.)નાં પવિત્ર હરમની ખાક દરેક બિમારીની શફા અને દરેક ભયથી રક્ષણ છે.

બિમારી શારીરીક હોય કે નફસની / રૂહાની બિમારી હોય, આ ખાકે શફા દરેક બિમારીનો ઇલાજ છે. દુનિયાના ભય સામે જ નહિ પરંતુ આખેરત,બરઝખ, કબ્ર, મુન્કીર,નકીર, અઝાબના ભય સામે રક્ષણ છે. શર્ત એ છે કે યકીન હોય, અને તે અહેલેબૈત અ.મુ.સ.નો દોસ્ત હોય....એક વાકેઓ સાંભળીએ. આ વાકેઓ કામિલુઝ ઝિયારત કિતાબના પા.૨૮૨-૨૮૩ પર છે.

એક માણસે હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.)ને અરજ કરી : ‘‘હું ઘણો બિમાર રહું છું,જાતજાતના રોગમાં સપડાએલો છું,દોઆઓનો ઉપયોગ કરી ચૂકયો છું, પરંતુ કોઇ ફાયદો નથી થતો’’

ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું : હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની પવિત્ર કબરની ખાકનો ઉપયોગ શા માટે નથી કરતો? તેમાં દરેક બીમારીની શફા છે. અને દરેક ભયમાંથી મુકિત છે. જયારે તમે ખાક લેવા ચાહો ત્યારે કહોઃ- અલ્લાહુમ્મ ઈન્ની અસ્લોક બેહકકે હાઝેહી તીનતે વ બેહકકીલ મલ્કલ્લઝી અખઝહા વબેહકકે નબીચીલ્લઝી કબઝહા વબેહકકીલ વહ્યી લ્લઝી હલ્લ ફીહા સલ્લે અલા મોહમ્મદ વ એહલેબયતેહી વજઅલલી લી ફીહા શેફાઅન મીન કુલ્લે દાઈન વ અમાનન મીન કુલ્લે ખૌફીન.

(ખુદાયા,હું તારી પાસે સવાલ કરૂં છુ, આ ખાકના હકના વાસ્તા અને તે મલકના હકથો જેણે આ ખાકને લીધી અને તે નબીના હકથો, જેણે તેને પોતાની પાસે રાખી અને તે વસીના હકથો જે આમાં આરામ કરી રહ્યા છે. મોહમ્મદ સ.અને તેમની એહલેબયત ઉપર દુરૂદ અને સલામ મોકલ. આ ખાકને મારા માટે દરેક

બીમારીની શફા અને દરેક ખોફથી નજાત કરાર દે (અતા કર).

રાવીએ અરજ કરી : આ ખાકથી શફા થવું તો સમજમાં આવ્યું પરંતુ આ દરેક ભયથી મુક્તિ કેવી રીતે છે?

ફરમાવ્યું : જયારે તમને કોઇ બાદશાહ અથવા બીજા કોઇનો ભય હોય ત્યારે ઘરેથી નીકળતી વખતે આ પાક ખાક તમારી પાસે હોય અને તેને તમારી પાસે રાખતી વખતે આ દોઆ પઢો :

રાવી કહે છે કે ઇમામે જે રીતે સૂચના આપી હતી તેવી જ રીતે ઉપયોગ કર્યો. હું સંપૂર્ણ રીતે તંદુરસ્ત થઇ ગયો અને દરેક ભયથી મુક્તિ મળી ગઇ.

રિવાયતમાં છે કે માત્ર એક ચણાના દાણા જેટલી ખાકે શફા લેવી,પછી ધીરે ધીરે એક ઘુંટડો પાણી પોવુ. ખાકે શફાથી શફા મેળવનારની સંખ્યા ઘણી છે, બીજો એક વાકેઓ જોઇએ જેનાથી ખાકે શફાની બરકતો સ્પષ્ટ થઇ જાય .

જનાબ મોહમ્મદ બીન મુસ્લિમ ઈમામ બાકીર (અ.સ.) અને ઈમામ સાદિક (અ.સ.)ના ખુબજ વિશ્વાસપાત્ર અને નજદિકના સાથીદાર હતા. તેઓ લખે છેઃ હું મદીનએ મુનવ્વરા ગયો. તે સમયે મારા પગોમાં એટલો સખત દુઃખાવો હતો, કે ઉભું નહોતું થઇ શકાતું. લોકોએ ઈમામ બાકીર (અ.સ.)ને મારા દર્દની વાત કરી ઈમામ (અ.સ.) એ રૂમાલમાં ઢાંકેલો એક પાણી ભરેલો પ્લાયો પોતાના ગુલામની સાથ મોકલ્યો. ગુલામે પ્યાલો આપ્યો અને કહ્યું કે આ પાણી પીઇ જાવ. ઈમામે મને ફરમાવ્યું છે, કે હું ત્યાં સુધી ન જાઉં જયાં સુધી તમે આ પાણી પી ન લ્યો. મેં તે પ્યાલો લીધો. તેની સુગંધ કસ્તુરી જેવી હતી. તેનો સ્વાદ શ્રેષ્ઠ હતો. પ્યાલો ઘણો ઠંડો હતો. જયારે મે ંતે પાણીનો પ્યાલો પી લીધો, ત્યારે ગુલામે મને કહ્યું, તમારા આકાએ કહ્યું છે કે પ્યાલો પીઇ ને પછી મારી પાસે આવો. હું વિચારવા લાગ્યો કે હું તો ઉઠી પણ નથી શકતો. હું કેવી રીતે જાવ. પરંતુ જેવું તે પાણી

મારા પેટમાં પહોંચ્યું તેવું જ મારા પગનું બધું દર્દ મટી ગયું. હું ઉભો નહોતો થઇ શકતો પરંતુ તે પીધા પછી ખૂબજ આરામ અને આસાનીથી મારા પગે ચાલીને ઈમામે (અ.સ.)ની ખીદમતમાં પહોંચ્યો.

મેં રજા માગી. ઈમામ (અ.સ.) એ બુલંદ અવાજથી મારા તંદુરસ્ત થવાની ખબર આપી અને હાજર થવાની રજા આપી. હાજર થઇને મેં સલામ કરી. હાથો અને પવિત્ર કપાળને ચુંબન કર્યું....ઈમામ (અ.સ.) એ પુછયું : તમને તે પાણી કેવું લાગ્યું? મેં અરજ કરી હું ગવાહી આપું છું,કે આપ અહલેબયતે રહેમત છો, અને આપ ખરેખર વસીઓના વસી છો. આપે મોકલેલ પાણી આપના ગુલામે મને આપ્યું. તે સમયે હું ઉભો નહોતો થઇ શકતો. હું ખુબ નિરાશ થઇ ચુકયો હતો. મેં તે પાણી પીધું. મેં તેનાથી વધુ સુગંધી, સ્વાદિષ્ટ અને ઠંડુ પાણી નથી જોયું. પાણી પીધા પછી ગુલામે કહ્યું : ઈમામે તમને બોલાવ્યા છે. મેં વિચાર્યું હું જરૂર જઇશ પછી ભલે જીવ પણ નીકળી જાય. પરંતુ

પીધા પછી મારા બધા દર્દો મટી ગયા. વખાણ તે ખુદાના જેણે આપને આપના શીયાઓ માટે રેહમત બનાવ્યા.

ઈમામે ફરમાવ્યું : એ મોહમ્મદ તમે જે પાણી પીધું તેમાં હઝરત ઇ.હુસૈન (અ.સ.) ની પવિત્ર કબરની ખાક ભળેલી હતી. શફા માટે સૌથી વધુ સારી આજ પાક ખાક છે. તેની સરખામણીમાં કોઇ ચીજ નથી. અમે અમારી સ્ત્રીઓ અને બાળકોને આ જ પીવરાવીએ છીએ, અને દરેક પ્રકારની બરકતો મેળવીએ છીએ.(કામિલુઝ ઝીયારત ૨૭૫-૨૭૭)

આ બનાવ ઉપરથી ખ્યાલ આવે છે કે ઈમામ પોતાના શીયાઓને કેટલા ચાહે છે. અને કેટલુ ધ્યાન રાખે છે. (આ વિશેષતા આપણા ઝમાનાના ઈમામ અલ્યહિસ્સલામમાં પણ છે. આપણે માત્ર મોહમ્મદ બીન મુસ્લિમ બનવું જોઈએ.) ખાકની તાસીર, પીવડાવવાનો અંદાજ, તાસીરની ઝડપ, પીનારાનો વિશ્વાસ.

આજે હું જ.મુસ્લીમ ઇબ્ને અકીબ અ.સ.ના મસાએબ પઢવા ચાહું છું.

જનાબે મુસ્લીમ (અ.સ.) સફીર હુસૈન અ.બનીને કુફામાં આવ્યા. ૧૮૦૦૦ કુફાના લોકોએ જ.મુસ્લીમ અ.ની બયઅત કરી. જ.મુસ્લીમે ઇ.હુસૈન અ.સ.ને પત્ર લખ્યો કે મૌલા આપ જલ્દી તશરીફ લાવો. આ વાતની ખબર શામમાં યઝીદ (લ.)ને પડી તો તે ખુબ ગુસ્સે થયો અને ઇબ્ને ઝિયાદને જ.મુસ્લીમને કત્લ કરવા મોકલ્યો . તેણે કુફામાં આવીને લોકોને ડરાવ્યા અને ધમકાવ્યા. એટલે સુધી કે લોકોએ જ.મુસ્લીમનો સાથ છોડી દીધો. કુફામાં જ.મુસ્લીમ એકલા પડી ગયા. કુફામાં હાની બીન ઉરવાહ કે જેઓ મૌલાએ કાએનાતના શીયાઓમાંથો હતા. જ.મુસ્લીમે તેમના ઘરે પનાહ લીધી. ઇબ્ને ઝિયાદને આ વાતની ખબર પહોંચી જાય છે ત્યારે ઇબ્ને ઝિયાદ જ.હાની (અ.ર.)ને દરબારમાં બોલાવે છે અને જ.મુસ્લીમને તલબ કરે છે. હાની ઇન્કાર કરે છે,ઇબ્ને ઝિયાદ

મલઉને હાનીનાં મોં ઉપર એટલી લાકડીઓ મારી કે આપ લોહીલુહાણ થઈ ગયા અને આપ શહીદ થઈ ગયા.

જયારે જ.મુસ્લીમને હાનીની શહાદતની ખબર મળે છે, તો આપ તેમના ઘરેથી નીકળે છે, જયાં જયાં જાય છે, લોકો દરવાજો બંધ કરી દેય છે. આખરે એક વિરાન મસ્જીદમાં તશ્રીફ લઈ જાય છે.

અઝાદારો ઝમાનો કેટલો જલ્દી ફરી ગયો,એક સમયે જમાઅતે નમાઝમાં ૧૮૦૦૦નો મજમો હતો. આહ આજે મુસ્લીમ મસ્જીદમાં એકલા છે. મગરીબની નમાઝ પછી બહાર નીકળ્યા કયાં જાય? કોને પુછે? દરેક તરફ દુશ્મનો જોવા મળતા હતા. રિવાયત છે કે જ.મુસ્લીમ રોઝાથી હતા. અને આપને ખુબ પ્યાસ લાગી હતી. ચાલતા ચાલતા એક ઔરત તૌઆનાં ઘર પાસે પહોંચ્યા. સલામ કરી અને કહયું અય કનીઝે ખુદા મને પાણી પીવરાવો. જ.મુસ્લીમે પાણી પીધુ પછી તેના દરવાજાની બહાર બેસી ગયા. તે ઝઈફાએ કહયુ,

તમે ઘરે ચાલ્યા જાવ હાલાત ખરાબ છે. અચ કનીઝે ખુદા હું કયાં જાવ? મારૂ ન તો ઘર છે ન તો કૌમ ન તો કબીલો, આ એ જ કુફા છે, જેના વલી જ.અમીર અ.હતા. આજે તેના ભત્રીજાની આ હાલત છે. હું મુસ્લીમ ઇબ્ને અકીલ છું. તે ઝઇફા મુસ્લીમના કદમોમાં પઢી ગઇ. અહેલેબૈતની ચાહવા વાળી હતી. આપને ઘરમાં લઇ ગઇ અને એક ઓરડામાં મહેમાન તરીકે જ.મુસ્લીમને રાખ્યા.

આ ઝઇફાનો એક દિકરો હતો. આલે રસુલ અ.નો દુશ્મન હતો. તેણે ઇબ્ને ઝિયાદને જાણ કરી દીધી. ઇબ્ને ઝિયાદે મોહમ્મદ બિન અશઅશને ૧૫૦૦ સિપાહીઓ સાથ મોકલ્યો. તે વખતે જ.મુસ્લીમ અ.સ. ઇબાદતમાં મશ્ગુલ હતા. આપે ઘોડાઓની ટાપોની અવાજ સાંભળી. આપે ફરમાવ્યું, ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલચ્હે રાજેઉન. આપ હથિયારથી સજજ થઇને બહાર નીકળ્યા. જ.મુસ્લીમ અ.સ. એ બહાદુરીથી દુશ્મનોનો સામનો કર્યો તેમની

બહાદુરીનીએ હાલત હતી કે તેઓ દુશ્મનોને ઉપાડીને કોઠા ઉપર ફેંકી દેતા હતા. એટલે સુધી કે આપે ૧૫૦ કુફીઓને જહન્નમ વાસીલ કરી દીધા.

આ હાશમી શેર જ.મુસ્લીમ અ.સ. લડતા લડતા બહુ ઝખ્મી થઇ ગયા. દુશ્મનોએ એક ખાડો ખોદીને પાંદડાથો ઢાંકી દીધો.મુસ્લીમ અ.સ. દુશ્મનો સાથ લડતા લડતા આગળ વધતા હતા. દુશ્મનો પાછળ જતા હતા. જ.મુસ્લીમ અ.સ. તે ખાડામાં પડી ગયા. ચારે તરફથી દુશ્મનો પથ્થરો અને આગ ફેંકવા લાગ્યા. આપને પકડીને ઇબ્ને ઝિયાદ પાસે લઇ જવામાં આવ્યાં. અરે! ઝખ્મનાં કારણે આપને ખુબજ તરસ લાગી હતો... આપે પાણી માંગ્યુ...પાણી આવ્યુ,પાણી હોઠ સુધી લઇ ગયા તો તેમાં ખુન ભરાઇ ગયુ. આપે પાણી ફેંકી દીધુ. અલહમ્દોલિલ્લાહ હવે આ દુનિયામા આબોદાણા ખૂટી ગયા.

દરબારમાં પહોંચ્યા. કોઇએ કહ્યુકે તમે અમીરને સલામ કેમ ન કરી? જ.મુસ્લીમે કહ્યું કે મારા અમીર

મારા મૌલા હુસૈન (અ.સ.) છે. ઇબ્ને ઝિયાદ મલઉને કહ્યું કે તમને કત્લ કરી દેવામાં આવશે. જ. મુસ્લીમે કહ્યું કે મારી એક હાજત છે. તું કુરૈશમાંથી કોઇને મુકરરર કરી દે.ઇબ્ને ઝિયાદે ઉમર ઇબ્ને સઆદને ઈશારો કર્યો. જ.મુસ્લીમે ફરમાવ્યુ કે મારી ત્રણ વસીય્યત છે. (૧) મારી ઉપર સાતસો દિરહમનું કર્ઝ છે,જે મારી તલવાર અને ઢાલ વેચીને અદા કરજે. (૨) મારી લાશને દફન કરી દેવામાં આવે. (૩) મારા મૌલાન સમાચાર મોકલવામાં આવે કે તેઓ અહીં તરફ ન આવે.

જ.મુસ્લીમ અ.ને બલંદ જગ્યા ઉપર લઇ જવામાં આવ્યા, જીસ્મને કોઠા ઉપરથી નીચે ફેંકી દેવામાં આવ્યુ. અઝાદારો આ નવમી ઝિલ્હજજ ની તારીખ હતી. કુફાવાસીઓ ઇદની તૈયારી કરી રહયા હતા અને જ.મુસ્લીમને એ બલંદી ઉપરથી નીચે ફેંકી દેવામાં આવ્યા. આપના બધા હાડકાના ચુરે ચુરા થઇ ગયા. આપનામા થોડો જીવ બાકી હતો, ત્યારે આપનું સર

મુબારકને કાપી લેવામાં આવ્યું.આટલા ઝુલ્મ પછી પણ ઝાલીમોએ જ.મુસ્લીમના પગમાં દોરડા બાંધીને તેમની લાશને કુફાની ગલીઓમાં ફેરવવામાં આવી. અઝાદારો ! હું કહું એ મુસ્લીમ કરબલામાં આપના મૌલા હુસૈન અ.સ.નાં જીસ્મ મુબારક ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા. સલામ થાય એ ગરીબુલ વતન જ.મુસ્લીમ ઉપર અને તમામ શોહદાએ કરબલા પર અને એહલેબૈત અ.મુ.સ.નાં દુશ્મનો ઉપર બેશુમાર લઅનત થાય. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ. (જ.મુસ્લીમ ઇબ્ને અકીલ (અ.સ.) અને શોહદાએ કરબાની ખિદમતમાં સુરેફાતેહાનો સવાબ હદિયો કરે)

# મજલીસ - ૩

# ઇ.હુસૈન (અ.સ.)ની અઝાદારીની ફઝીલત.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.)**

**ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત (સલવાત) રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે,યકીનન ઇ.હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.....**

ઇ.હુસૈન અ.સ. અને તેમનાથી મન્સુબ તમામ બાબતો,ચીઝો પણ હિદાયતનો સબબ છે. ઇ.હુસૈન અ.સ.ની અઝાદારી,ઝિયારત આશુરાનું પઢવુ,ખાકે શિફા, ઇ.હુસૈન અ.સ.ની મજલીસે અઝા થકી ઇન્સાન હિદાયત મેળવે છે, અને નજાત મેળવે છે... ઇ.હુસૈન

અ.સ.ની અઝાદારીનું મહત્વ બતાવતી અમુક હદીસો જોઇએ  જેના પરથી એ વાત સ્પષ્ટ થઇ જશે કે અઝાદારી થકી ઇન્સાનની હિદાયત થાય છે અને તેને નજાત મળે છે.

ઇ.સાદિક અ.સ. ફરમાવે છે, “જે શખ્સ અમને યાદ કરે યા તેની સામે અમારા મસાએબ બયાન થાય ત્યારે તેની આંખમાંથી આંસુ નીકળે, તો અલ્લાહ (ત.) તેના તમામ ગુનાહોને માફ કરી દેય છે. ભલે તે દરિયાના ફિણ જેટલા હોય....”(બેહારૂલ અનવાર ઉર્દુ વો.૧ પે.૧૧૫)

ઇ.અલી રેઝા અ. ફરમાવે છે, ઇ.હુસૈન (અ.સ.) જેવી મહાન અને ઉત્તમ હસ્તી ઉપર રડવાવાળાએ રડવુ જોઇએ. બેશક ઇ.હુસૈન અ.સ. ઉપર રડવુ મોટા મોટા ગુનાહોને માફ  કરાવી દે છે.આવો એક વાકેઓ સાંભળીએ.(બેહારૂલ અનવાર ઉર્દુ વો.૧/પે.૧૨૭)

સૈયદ અલી હુસૈની કે જેઓ ઇ.અલીરેઝા અ.સ.નાં રોઝામાં મુજાવર હતા. આ વાકેઓ બયાન કરતા ફરમાવે છે કે એક દિવસ ઘણા બધા મોઅમીનો મારી સાથ હતા. તે આશુરાનો દિવસ હતો. અમારા સાથીમાંથી એક વ્યક્તિએ શહાદતે ઇમામ હુસૈન અ.સ. પઢવાનું શરૂ કર્યુ. મજલીસમાં તેમણે ઇ.મોહમ્મદે બાકીર અ.સ.ની આ હદીસ કહી કે ઇમામ અ.સ.એ ફરમાવ્યું કે જે શખ્સની આંખમાંથી ઇ.હુસૈન અ.સ.નાં ગમમાં એક આસું નીકળે તો અલ્લાહ તેના ગુનાહોને માફ કરી દેશે,ભલેને તે દરિયાના ફીણ જેટલા કેમ ન હોય. મજલીસમાં બેઠેલા એક માણસે પોતાની અધૂરી અકલ પર ભરોસો રાખીને કહેવા લાગ્યો,કે આ હદીસ સહીહ નથી,કેમકે ઇ.હુસૈન અ.સ.નાં ગમમાં એક આંસુનો એટલો બધો સવાબ કે દરિયાના ફીણ જેટલા ગુનાહ માફ થાય. તેની આ વાતથી ઘણા લોકોએ તેની સાથ ચર્ચા કરી, પણ તે

તેની જહાલત ઉપર મકકમ રહયો, અને ઉભો થઇને પોતાના ઘરે ચાલ્યો ગયો.

બીજે દિવસે આ માણસ આવ્યો અને પોતાની ભૂલની માફી ચાહવા લાગ્યો. આગલી રાત્રે તેણે જે વાત કરી હતી, તેના પર પસ્તાવો કર્યો અને માફી માંગી.તેણે કહયું કે કાલે રાત્રે જયારે હું ઘરે પાછો ગયો, અને સૂઇ ગયો. મે સ્વપ્નમાં જોયું કે કયામત બરપા થઇ છે. તમામ મખ્લુકને ખુલ્લી જગ્યામાં ભેગી કરવામાં આવી, મીઝાન કાયમ કરવામાં આવ્યું. જહન્નમ ઉપર પુલે સીરાત કાયમ કરવામાં આવ્યો. હિસાબ કિતાબ શરૂ થઇ ગયો. આઅમાલનામુ ખોલવામાં આવ્યુ. જન્નતને શણગારવામાં આવી. જહન્નમની આગને રોશન કરવામાં આવી. તે વખતે મને ખૂબજ તરસ લાગી.આજુ બાજુ પાણીની તલાશ કરી. પાણી ન હોતુ મળતુ. તલાશ કરતા કરતા મને જમણી બાજુ એક હૌઝ દેખાયો,મે દિલમાં જ કહયું કે આ હૌઝ કવસર લાગે છે. જેનું પાણી ઠંડુ અને ખુબજ મીઠું છે.

હું હૌઝની પાસે પહાચ્યો તો ત્યાં બે પુરૂષો અને એક ખાતુન ઉભા હતા. જેના નુરથો પુરુ મહશર નુરાની હતુ.તેઓએ કાળા કપડા પહેર્યા હતા. અને તેઓ ઝારો કતાર રડી રહયા હતા. મે પુછયું કે આ મહાન વ્યકિત કોણ છે? લોકોએ કહ્યું કે આ મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.) અને અલીયે મરતુઝા (અ.સ.) અને ફાતેમા (સ.અ.) છે. મે પુછયું કે તેઓ કાળા કપડા શા માટે પહેર્યા છે અને શા માટે ગમગીન છે? અય શખ્સ તને ખબર નથો, આજે આશુરાનો દિવસ છે. એટલે આ બુઝુર્ગવાર ગમગીન છે. હું બિન્તે રસુલે ખુદા (સ.અ.) પાસે ગયો અને કહ્યું કે હું ખુબ પ્યાસો છું, મને પાણી પીવડાવો.

જનાબે ફાતેમા સ.અ. એ ગઝબનાક આંખે મારા તરફ જોયું અને કહ્યું કે તુ મારા નુરેનઝર ઇ.હુસૈને મઝલૂમની મુસીબત પર રડનારની ફઝીલતનો મુન્કીર (ઇન્કાર કરવાવાળો) છે. ખુદા લઅનત કરે તેમના કાતીલો ઉપર અને એ લોકો ઉપરકે જેમણે તેઓ ઉપર

ઝુલ્મ કર્યો અને તેઓને પાણીથી વંચિત રાખ્યા. હું બીકના કારણે સ્વપનમાંથી જાગી ગયો અને મારા કહેણો ઉપર શરમીંદા થયો અને પસ્તાવો કર્યો અને અલ્લાહ ત.ની બારગાહમાં ખુબજ ઈસ્તીગ્ફાર કર્યો અને આપનાથી માફી ચાહવા આવ્યો.

આ વાકેઓ બતાવે છે કે અઝાદારે સૈયદુશ્શોહદાની ફઝીલતનો ઈન્કાર ન થઈ શકે. ઈમામનાં ગમમાં આંસુ વહાવવાની ફઝીલતના બારામાં, ઈમામે હુસૈન અ. ફરમાવે છે," જે બંદે મોઅમીનની આંખમાંથી એક આસુંનું ટીપુ અમારી મુસીબત પર નીકળે યા તેની આંખ આંસુથી ભરાઈ જાય, અલ્લાહ (ત.) તેને હંમેશા જન્નતમાં જગ્યા આપશે. (બેહારૂલ અનવાર ઉર્દુ વો.૧ પે.૧૧૬).

આ હદીસોનું તારણ એ નીકળે છે કે અઝાદારનાં ગુનાહો માફ થાય છે. ગમે હુસૈનમાં નીકળેલા આંસુના બદલે જન્નત અતા કરવામાં આવશે અને તેના ઉપર દોઝખની આગ હરામ કરવામાં આવી છે. હુસૈની

અઝાદારનો દરજજો.. આટલો ઉચ્ચો દરજજો છે, તો પછી હુસૈની અઝાદારની કેટલીક ફરજો પણ છે.

(૧) અગર આપણે ઇ.હુસૈન અ.ના ચાહવા વાળા છીએ,હુસૈની છીએ અને આપણે ઇ.હુસૈન અ.નાં ગુલામ છીએ તો તેમનાં જેવો કિરદાર બનાવવાની કોશીષ કરીએ,આપણે નમાઝ, રોઝા, વાજીબાતનાં પાબંદ બનીએ,અગર આપણે વાકેઅન હુસૈની છીએ તો પછી આપણી નમાઝે સુબ્હ કઝા ન થાય........ કારણ કે ઇ.હુસૈન અ.સ. કરબલાનાં મૈદાનમાં તીરોના વરસાદની વચ્ચે નમાઝ પડાવી. જ.ઝયનબ સ.અ.ને વસીય્યત કરતા ઇ.હુસૈન અ. ફરમાવે છે,કે બહેન ઝયનબ! મને નમાઝે શબમાં ભુલતા નહિ. આ બતાવે છે કે આટલી મુસીબતોમાં પણ નમાઝે શબ પણ આપનાથો છુટી નથો અગર આપણે હુસૈની છીએ તો પછી ગુનાહોને છોડી દઇએ. યઝીદ અને તેના સાથીઓ જૂઠ, સંગીત જેવા ગુનાહોમાં ડુબેલા રહેતા હતા.

અગર ખરેખર આપણે ઇ.હુસૈન અ.સ.નાં ચાહવા વાળા છીએ, ઇ.ઝમાના અ.સ.નાં ગુલામ બનવા ચાહીએ છીએ, તો ગુનાહોને છોડીને તૌબા ઇસ્તીગ્ફાર કરીને દિલોને પાક કરીએ, જેથી આ પાક દિલ અઇમ્મા અ.મુ.સ.ની મોહબ્બતથી રોશન થઇ જાય.

અઝાદારો ! ઝાલીમો અહલેબયતે રસુલને લઇને કત્લગાહ તરફથી કુફાના રસ્તે રવાના થયા. અસીરાને સિતમની આ સવારીમાં બોંતેર શહીદોની સોગવાર ૬૪ બીબીઓ અને ૪૨ બચ્ચાઓ ઉપરાંત બીમાર ઇમામ અ.સ. પણ હતા. એ સૌને સંભાળવાની જવાબદારી સાનીએ ઝહેરા સ.અ.એ સંભાળી હતી. હાય, કેવી હાલત છે? માથાના વાળોથી ચહેરાને છૂપાવ્યા છે. સવારીઓ ધીમા કદમે મયદાન તરફ આગળ વધી રહી છે. મયદાનમાં બધી લાશો બેગુસ્લો કફન પડી છે. કાફલો ત્યાંથી પસાર થઇ રહ્યો છે.

હમીદ બિન મુસ્લિમ કહે છે કે મેં જોયું : અરે, એહલેબયતમાં એક કોહરામ મચી ગયો. અરે, યતીમ

બચ્ચાઓ 'વા અમ્માહો, વા અબતાહો' કહી ચીસો પાડી પછાડીઓ ખાવા લાગ્યાં...તમામ બીબીઓએ પોતાને ઉંટ ઉપરથી ઝમીન પર પછાડી દીધી... બીબીઓના ખોળામાંથી બચ્ચાઓ કુદી કુદી જમીન પર પડી ગયાં.....

અઝાદારો ! અરે, બાઝુઓમાં તો રસ્સીઓ બાંધેલી છે. બચ્ચાઓના ગળાં રસ્સીમાં બંધાયેલાં છ. અરે, બધાં સર વગરની લાશ પાસે પહોંચે છે,અને લાશની હાલત જોઈ ઝાર ઝાર રોઈ રહ્યાં છે. અરે, કોઈ બીબી અબ્બાસ અ.સ.ની લાશ પાસે આવીને કહે છે. ભૈયા અબ્બાસ ! દુખીયારી બહેન ઉમ્મે કુલસુમ આવી છે. ભાઈ, જરા ઉઠીને બહેનની હાલત જુઓ ! બાઝુઓમાં રસન બાંધેલ છે. અરે, ઝાલીમો ચાબુક લઈને ઉભા છે.

કોઈ બીબી કહે છે. : બેટા કાસિમ! અરે, બેટા ! તારા કુલ જેવા શરીરના ટુકડે ટૂકડે કરીદીધા. કોઈ અઢાર વર્ષના કડિયલ જવાનની લાશને વળગીને

વિલાપ કરી રહી છે, મારા અરમાન ભરેલા દીકરા ! માની ઉમ્મીદ ખાકમાં મળી ગઇ. બેટા અલીઅકબર ! તમે ઝમીન ઉપર કાંટા અને કાંકરાની પથારીમાં કેવી ગાઢ નિદ્રામાં પડયા છો? બેટા, જરા ઉઠીને આ દુઃખીયારી માં તરફ નજર કરો! હવે તે કૈદ થઇને કુફા અને શામની બજારો તરફ જઇ રહી છે. વતનમાં બહેન સુગરા વાટ જોઇ રહી છે.

અરે, કોઇ બીબી છ મહીનાના માસુમ અલીઅસગરની લાશને ગોદમાં લઇને કપાયેલા ગળાને ચુમતી જાય છે. અને રડતી જાય છે. દીકરા ! કેવા બેરહમ ઝાલીમો છે... અરે, આટલી ઉમરમાં તો કોઇ જાનવરને પણ ઝબ્હ નથી કરતું... અરે જનાબે ઝયનબ માઁ જાયાભાઇ ઇ.હુસયનનીલાશ ઉપર રડી રહ્યા છેઃ માજાયા, માફ કરજો ! બહેન રસનમાં બંધાયેલી હાલતમાં છે..ભાઇ હુસયન ! કેદી ઝયનબના સલામ... તમારી સામે રસનમાં બંધાયેલી હાલતમાં ઉભી રહેલી બહેનના સલામ કબુલ કરો,

ભાઈ ! અલવિદા, ભાઈ હુસયન ! અલવિદા. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

## મજલીસ - ૪

## જ.ફાતેમા ઝહેરા સ.અ.ની ફઝાએલ.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.),**

**ફાતેમતો બીઝઅતુમ મીન્ની. ફાતેમા મારા ટુકડો છે.આજની મજલીસમાં શેહઝાદી જ.ફાતેમા ઝહરા સ.અ.નો ઝિક્ર કરવા ચાહું છું. તેમની જીદગીમાંથી એક વાકેઓ બયાન કરૂ છું.**

એક વખત જનાબે ફાતેમા ઝહરા સ.અ. આપના પિતા રસુલે ખુદા સ.અ.વ. પાસે આવ્યાં,અને એક વીંટીની દરખાસ્ત કરી.

આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે હું તમને એક ચીજ બતાવુ કે જે અંગુઠી કરતા બહેતર છે. જ.ઝહરા સ.અ.એ કહ્યું બતાવો.

આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે જયારે તમે નમાઝ પઢી લ્યો તો પછી અલ્લાહ ત. પાસે અંગુઠી (વીંટી) માંગજો અલ્લાહ (ત.) તમારી હાજત પુરી કરશે.

જ.ફાતેમા ઝહરા સ.અ. એ નમાઝે શબ પઢીને પછી અલ્લાહ (ત.)થી અંગુઠી માટે દુઆ કરી,તો ગયબથી અવાજ આવી કે અય ફાતેમા (સ.) જે ચીઝ તમે માંગી છે, તે તમારા મુસલ્લાની નીચે રાખી છે. આપ (સ.અ.) એ જોયું તો એક અમૂલ્ય યાકુતની વીંટી મૌજુદ છે. આપે વીંટી પહેરી લીધી, અને ખુશ થયા. રાત્રે આપ (સ.અ.) સુઇ ગયા તો સ્વપ્નમાં જોયું કે આપ જન્નતમા છે. આપે ત્રણ સુંદર મહેલ જોયા, તેના જેવા બીજા મહેલો જન્નતમાં ન હતા.

જ.ઝહરા સ.અ.એ પુછયું કે આ મહેલ કોના છે? જવાબ મળ્યો કે આ મહેલ  સય્યદતુન નેસાઅીલ આલમીન ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.)નાં છે. આ સાંભળીને આપ એક મહેલમાં દાખલ થઇ તો જોયુ કે એમાં સિંહાસન (તખ્ત) છે. જેના ત્રણ પાયા છે, મે પુછયું કે તખ્તના ત્રણ પાયા કેમ છે? જવાબ મળ્યો કે આ તખ્તના માલિકે અલ્લાહથી અંગુઠી માંગી, તે અંગુઠી આ પાયામાંથી બનાવીને આપવામાં આવી છે, તેથી ચોથો પાયો નથી અને તખ્ત અધુરૂ છે.

જયારે સવાર પડી તો આપે આ સ્વપ્નની વાત રસુલેખુદા સ.અ.વ.ને કરી તો રસુલેખુદા સ.એ ફરમાવ્યું, અય આલે અબ્દુલમુત્તલીબ તમારા માટે દુનિયા નથી, આખેરત છે. તમારા વાયદાની જગ્યા જન્નત છે. દુનિયા તમારે કામની નથી, આ દુનિયા નાશવંત છે. પછી ફરમાવ્યું બેટી! આ અગુંઠી ફરો મુસલ્લા નીચે રાખી દયો.

તેથી જ.ફાતેમા (સ.અ.) એ તે અંગુઠી મુસલ્લા નીચે રાખી દીધી, રાત્રે સ્વપ્નમાં તે મહેલ જોયા. તેમાં તે તખ્ત જોયુ,જેના ચારે પાયા મૌજુદ હતા. પૂછયું તો જવાબ મળ્યો કે તેના માલિકે વીંટી પાછી આપી દીધી. તેથી તેમાંથી ચોથો પાયો બનાવી દેવામાં આવ્યો.(મનાકીબે ઇબ્ને શહેર આશૂબ, બેહાર ઉર્દુ ભાગ-૩/ પે.૫૩,૫૪)

ખાતુને જન્નત જ.ફાતેમા (સ.અ.) ની જીંદગીનો બીજો વાકેઓ બયાન કરૂ છું.

ઇ.મોહમ્મદે બાકીર અ.સ. રિવાયત કરે છે કે ત્રણ દિવસથી જ.ઝહરા સ.અ.નાં ઘરમાં ખાવાનું કાંઇ ન હતું. મૌલાએ કાએનાતને ખ્યાલ આવે છે, તો આપ એક દિનાર કર્ઝ લઇને ઘર તરફ આવે છે. રસ્તામાં જ.મીકદાદ અ.ર.મળે છે.મૌલા તેમના ખબર અંતર પુછે છે. અત્યારે કેમ બહાર નીકળ્યા છો? ખૈરીયત તો છે ને? જ.મીકદાદ (રહ.) એ જવાબ આપ્યો, યા અમીરૂલ મોઅમેનીન એ ઝાતની કસમ જેણે આપને

આ અઝીમ મરતબો આપ્યો.હું અત્યારે ખૂબજ સખત ભૂખનાં કારણે બહાર નીકળ્યો છું. અલી અ.સ.એ કહ્યું,હુ પણ એટલા માટે જ નીકળ્યો છુ કે ઘરના સભ્યો માટે અનાજ લાવું. મને એક દિનાર કર્ઝ તરીકે મળ્યો છે,પરંતુ તમે આ દીનારને લઇ જાવ અને તમારી જરૂરત પુરી કરો.

મૌલાએ કાએનાત જ.મીકદાદને એક દિનાર આપીને ઘરે પાછા ફર્યા. જોયુ તો રસુલે ખુદા સ.અ.વ. અને જ.ફાતેમા ઝહરા સ.અ.વચ્ચે એક થાળ ઢાંકેલો છે. નમાઝ પુરી કરીને આ થાળ ખોલીને જોવે છે તો તેમાં ગોશ્ત અને રોટી રાખેલી છે.

હઝરત અલી અ.સ.એ પુછયું અય બિન્તે રસુલ સ.અ. ખાવાનું તમારી પાસે કયાંથી આવ્યું? હઝરત ફાતેમા સ.અ.એ ફરમાવ્યું હોવ મીન ઇન્દીલ્લાહે યરઝોકો મય્યશાઓ બે ગય્રે હિસાબ (આ અલ્લાહે મોકલ્યુ છે અને જેને ચાહે છે તેને તે બે હિસાબ રિઝક અતા કરે છે) આપનાં ઘરમાં બધાએ તેમાંથી ખાધુ

છતાં તેમાં જરા પણ ઓછું ન થયું (તફસીરે અચાશી બેહાર ઉર્દુ -૧ પે.૫૮-૫૯)

અઝાદારો ઈ.સજજાદ અ.સ. કહ્યું, ‘‘બાબા ! કેમ આગળ વધતા નથો? બાબા ! હવે બીમારમાં ચાબુકના માર ખાવાની તાકત નથો...’’

અઝાદારો તે વખતે કપાએલા સરમાંથો અવાજ આવી : ‘‘બેટા ! હું કેમ આગળ વધુ ? અરે, રસ્તામાં મારી સકીના ઉંટ ઉપરથો પડી ગઇ છે. ! અરે, મારી યતીમ દીકરી કાફલામાંથો છુટી પડી ગઇ છે.

એ વખતે જનાબે ઝયનબ સ.અ.અને ઉમ્મે કુલસુમ સ.અ.પાછળ દોડયાં અને દૂરથો જોયું તો એક પરદા નશીન બીબી કાળા કપડાં પહેરી ખાક ઉપર બેઠાં છે., અને સકીનાને ખોળામાં લઇ છાતી સાથ ચાંપી વ્હાલથો એના માથા અને મોં ઉપર હાથ ફેરવે છે... સકીના તેમની ગરદનમાં હાથ નાખી રોઈ રહી છે. અને કહી રહી છે કે , ‘‘મારા બાબા કયાં છે? મારા ચચા અબ્બાસ કયાં ગયા ? ગર્મ રેત પર ઉઘાડા પગે

ચાલવાથી મારા પગનાં તળિયામાં છાલા પડયા છે.. મારા પગ ઝખ્મી થઇ ગયા છે... ઝાલીમે મારા કાનની બાલિયો ખેંચી, તેથી મારા કાન ચીરાઇ ગયા છે.... શીમ્રના ચાબુકના મારથી મારી પીઠ ઝખ્મી થઇ ગઇ છે. મારૂં કુર્તુ ખૂનથી રગીન થઇ ગયું છે.... અરે, મારા બાબાને બોલાવો, હવે મારાથી આ દુઃખો સહન થતાં નથી...સહેવાતાં નથી...''

અઝાદારો અરે, તે ખાતૂનના રોવાનો અને ડૂસકાંનો અવાજ આવતો હતો... જનાબે ઝયનબ અને ઉમ્મે કુલસુમ આવીને બાજુમાં બેસી ગયાં અને કહેવા લાગ્યાં.

''બીબી ! આ દીકરી બહુજ દુખીયારી છે...આ યતીમને શીમ્રે તમાચા માર્યા.. ખુલીએ બાપનું સર બતાવ્યું.... અરે, ત્રણ દિવસની ભૂખી-પ્યાસી આ સકીનાને તમે ખોળામાં બેસાડી પ્યાર કરી રહ્યાં છો....અમે દુખિયારા લૂંટાયેલા મઝલુમો ઉપર તમે એહસાન કર્યો. બતાવો, બીબી ! તમે કોણ છો?''.

અઝાદારો તે મઝલુમ બીબીએ એ વખતે એક ચીસ પાડી અને કહ્યું : “બેટી ! અરે, મારી ઝયનબ ! મને ન ઓળખી? મારી લાડલી ! હું તારી દુખીયારી માઁ ફાતેમા છું.... તે વખતે ઉમ્મે કુલસુમે કહ્યું : “માઁ ઘણા વખતથી તમારી ઝિયારત નથી થઇ.. માઁ, જરા ચહેરા ઉપરથી નકાબ હટાવો.

જનાબે સૈયદાએ કહ્યું : “બેટી, તું આ દુખીયારીનો ચહેરો જોઇ નહિ શકે. આ માઁ ને એથી માફ રાખ...”

જયારે ઉમ્મે કુલસુમે બહુજ ઈસરાર કર્યો, તો અઝાદારો ! જનાબે ફાતેમાએ નકાબ ઉલટાવ્યો...અરે, ઝયનબો કુલસુમે એક ચીસ પાડી : “અરે, માઁ ! આ તમારો ચહેરો લાલ કેમ છે? અરે, તમારા માથાના વાળ ખૂનથી ખરડાએલા કેમ છે?” અઝાદારો કલેજો પર હાથ રાખીને ! જનાબે સય્યદાએ કહ્યું : “બેટી ! અરે, એ દુખીયારીનો ચહેરો લાલ કેમ ન હોય, જેના ખોળામાં જ તેનાં ફરઝંદનું સર કલમ

કરવામાં આવ્યું હોય... તેના લાલ ખૂનથી લાલ કેમ ન હોય? મારી નજર સામેજ મારા ફરઝંદને ઝબ્હ કરવામાં આવ્યો હોય... જાઓ, બેટા ! ખુદા હાફિઝ... દુઃખને વખતે સબ્રથી કામ લેજો અને ફાતેમાના સબ્રની લાજ રાખજો.'' અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

## મજલીસ - ૫

## ઇ.હુસૈન અ.સ.ના સરે મુબારકે હિદાયત કરી.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત.બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(સલવાત)**

ઇ.હુસૈન અ.સ. થકી નજાત મેળવનાર અને હિદાયત પામનાર એક યહુદી આલીમ હર્રાનનો

વાકેઓ સાંભળીએ, રાવી હાફિઝ જમાલુદ્દીન રોઝતુલ અહબાબમાં લખે છે કે જયારે કાફેલો હર્રાન પાસે પહોંચ્યો, ત્યારે ત્યાં પણ એક અજબ બનાવ બન્યો હતો, હર્રાન પાસે ટેકરા પર આવેલા ધર્મ સ્થાનમાં એક યહુદી આલિમ રહેતો હતો, એ આલીમનું નામ યહયા હર્રાની હતું.

એને જયારે ખબર પડી કે કેટલાક માણસો થોડાક કેદી સ્ત્રીઓ અને બાળકો તથા ભાલા ઉપર સર મુબારક સાથ આવી રહ્યા છે, એટલે તે ટેકરા પર આવોને ઉભો રહ્યો. થોડીવાર પછી એ માણસો તેની નજરે પડયા, અને તેમના સાથ કેટલાક ઉઘાડે માથ ગભરાયેલી હાલતમાં ઉંટની ખુલ્લી પીઠ પર બેઠેલી ઔરતો તથા નાના બાળકો, ઉપરાંત ભાલા ઉપર સર મુબારકને તેણે જોયા. ઇ.હુસૈન અ.સ.ના સર મુબારક પર તેની નજર પડતાં તેમના નુરથો તેની આંખો અંજાય ગઇ.એણે બારીકીથો જોવા જતાં તેણે જનાબે ઇમામ હુસૈન અ.સ.ના ં હોઠને ફફડતા જોયા. એ

નજીક આવ્યો અને કાન માંડીને સાંભળવા લાગ્યો તો તેના કાને આ શબ્દો પડયા કે 'વસયઅલમુલ્લઝીન ઝલમુ અય્ય મુનકલ્બીય યનકલેબુન'.

આ સાંભળીને યહયાના હોંશ કોંશ ઉડી ગયા અને મનમાં ધ્રાસ્કો પડયો, એણે લશ્કરના માણસોને એ કેદીઓ કોણ છે, એ બારામાં પુછયું અને જયારે તેને જણાયુ કે તેઓ જનાબે રસુલ સ.ના કુટુંબી લોકો છે. એટલે યહયાના મુખમાંથો હાય! હાય! ના શબ્દો નીકળી ગયા અને તે રડવા લાગ્યો. અને કહેવા લાગ્યો ખુદાનો શુક્ર કે આજે કેટલા ગુપ્ત ભેદોનો ઉકેલ મળી ગયો, ખુદાની કસમ મોહમંદ (સ.અ.વ.)ની શરીઅતમાં ખુને નાહકની સજા હમેંશ માટે જહન્નમ છે. અને આવી મુસીબતો પૈગમ્બરના કુટુંબ સિવાય કોઇના માટે ખાસ નથી. એના થકી તો તેમના હકકોની સચોટ દલીલ જાહેર થાય છે. અને ત્યાર પછીના એના સવાલના જવાબમાં જયારે એણે જાણ્યુ કે એમની માતા પૈગમ્બર સાહેબની પુત્રી સય્યદતુન નેસાએલ

આલેમીન ફાતેમતુઝઝહરા સ.અ.છે, એટલે એ કલમો પઢીને મુસલમાન થઇ ગયો

તેણે એહલેબૈયતને ચાદર વગેરે ચીજો ભટ તરીકે આપવાની ઈચ્છા તેણે જાહેર કરી. યઝીદી લશ્કરે તેની ના પાડી અને યઝીદની બીક બતાવી તે ધમકીઓથી છેડાયો અને અહલેબૈતની મોહબ્બતમાં તેણે તેમના દુશ્મનોથી એકલા હાથ મુકાબલો કર્યો, અને અંતમાં તેમના હાથ શહીદ થઇ ગયા અને હર્રાનના દરવાજામાં દફન કરી દેવામાં આવ્યા, આજે પણ એની કબર યહયા હર્રાન શહીદની કબરના નામે ઓળખાય છે.

હર્રાન ઘણુ જુનું શહેર છે, નુહ અ.સ.ના તુફાન પછી આ શહેર પહેલા વસયું અને નમરૂદના ઝુલ્મોથી મુકતી મેળવીને હઝરત ઈબ્રાહીમ (અ.સ.) પણ પહેલા અહિ આવીને રહ્યા હતા.

ઇ.હુસન અ.સ.ની અઝાદારી અને મજલીસે ઇ.હુસૈન અ.સ.ફઝીલતમાં એક હદીસ સાંભળીએ

ઇ.અલી રેઝા અ.સ.ફરમાવે છે,જે શખ્સ અમારી મુસીબતોને યાદ કરે અને અમારા ઉપર જે મુસીબતો પડી છે ,તેના પર રડવા લાગે, તે શખ્સ અમારી સાથ અમારા દરજજામાં કયામતમાં હશે, અને ફરમાવ્યું જે શખ્સ અમારી મુસીબતોને યાદ કરે અને રડે અને બીજાને રડાવે તો તેની આંખો તે દિવસે નહીં રડે જે દિવસે (કયામતમાં) બધી આંખો રડતી હશે અને જે શખ્સ એવી મજલીસમાં બેસે કે જયાં અમારો ઝિક્ર થતો હોય તો તેનું દિલ તે દિવસે નહીં મરે,જે દિવસે બધા દિલો મરી જશે.(બેહારૂલ અનવાર ઉર્દુ વો.૧ પે.૧૧૫)

ઇ.હુસૈન અ.સ.અને શોહદાએ કરબલાની મઝલુમીય્યત વર્ણવતા ઇ.ઝમાના અ. ફરમાવે છે, અય મારા જદ્દે મઝલુમ હું આપના પર દિવસ રાત રડીશ અને આહો ઝારી કરતા ખુનનાં આસુંથો રડીશ. આવો આજે આપણે ઇ.ઝમાના અ.સ. ના શબ્દોમાં ઇ.હુસૈન અ.સ.ના ફઝાએલ અને મસાએબ સાંભળીએ.

ઇ.ઝમાના અ.સ. ઝિયારતે નાહિયામાં ઇમામ અ.ના ફઝાએલ વર્ણવતા કહે છે. સલામ તેના ઉપર જેની કબ્રની માટી ખાકે શફા બની. સલામ તેના ઉપર જેના હરમમાં દુઆઓ કબુલ થાય છે. યકીનન ઇ.હુસૈન અ.સ.ના રોઝા મબારકમાં અને જે જે જગ્યા ઇ.હુસૈન અ.સ.ના નામથો મન્સુબ કરવામાં આવી છે, ત્યાં દુઆઓ કબુલ થાય છે.

સલામ તેના ઉપર જેના વંશમાં ઇમામતનો સિલસિલો છે. ઇ.હુસૈન અ.સ.નાં વંશમાં જથા ઇમામથો લઇને ઇ.ઝમાના અ.સ. સુધી ઇમામતનાં સીલસીલો કાએમ છે. જેના આખરી ઇ.મહદી અ.સ. છે. જે આપણા ઝમાનાનાં ઇમામ છે.

સલામ ખત્મી મરતબત (રસુલ સ.) ના ફરઝંદ ઉપર,સલામ અવસીયાના સરદાર (અલી અ.સ.)નાં ફરઝંદ ઉપર, સલામ ફાતેમા ઝહેરા (સ.અ.)નાં પુત્ર ઉપર,સલામ જન્નતુલ માઅવાના માલિક ઉપર,સલામ ઝમઝમ અને સફાનાં માલિક ઉપર,

ઈ.ઝમાના અ.નાં ઝબાની ઈ.હુસૈન અ.સ.અને શહીદે કરબલનાના મસાએબ સાંભળીએ. સલામ તેના ઉપર જેની ઉપર ફરિશ્તાઓ રડયા.... સલામ તેના ઉપર જે ખાક અને ખુનમાં તરબોળ થયા... સલામ સુકાએલા હોઠો ઉપર.....સલામ દુઃખ અને મુસીબતોમાં ઘેરાએલા ચુર ચુર માનવો ઉપર, સલામ તે રૂહો ઉપર જેના શરીરને છળકપટથો તલવારોથો કત્લ કરવામાં આવ્યા.. સલામ કફન દફન વગરની લાશો ઉપર.

આજે હમશબીહે પયગમ્બર જ.અલીઅકબર અ.ના મસાએબનો ઝિક્ર કરીશું. આહ, હાય જયારે હઝરતે અબ્બાસ પણ શહીદ થઈ ગયા ત્યારે જનાબે અલી અકબર, જે હજી ફકત અઢાર વરસના નવજવાન હતા.તે હઝરતની પાસે આવ્યા અને અર્ઝ કરી કે, અય બાબા! હવે મને પણ લડવાની રજા આપો. અય અઝાદારો બતાવો કે હઝરત પોતાના ચાંદને શું જવાબ આપે?

બહુ આજીજી કરીને જનાબે અલી અકબરે ઈજાઝત લીધી અને મયદાન તરફ ચાલ્યા ત્યાં મેદાનમાં પહોંચીને જનાબે અલી અકબરે એવી બહાદુરી બતાડી કે દુશ્મનોની ફૌજ બકરીની જેમ આપનાથો ભાગતી હતી. જે પ્રમાણે ઇ.અલી અ.સ. સિફફીન વગેરેમાં લડતા હતાં, તેની તસ્વીર જનાબે અલી અકબરે પોતાની લડાઈથો દેખાડી દીધી, પહેલા હુમલામાં જ ભુખ અને પ્યાસની સાથ એકસો વીસ નામી અને મશહુર બહાદુરોને મારી નાખ્યા.

તેથો પ્યાસે એટલુ જોર પકડ્યું કે આપ બદ હાલ થઇ ગયા અને હઝરતની ખિદમતમાં આવી અને કહ્યું કે અય બાબા પ્યાસ મને મારી નાખે છે.કોઇ પણ રીતે એક ઘુંટડો પાણી મળી શકશે? જેનાથો મારા જીવમાં જીવ આવે તો દુશ્મનોની સામે સારી રીતે લડી શકું.

આહ! આહ! અઝાદારો તમે ઈન્સાફ કરો કે, હઝરત પોતાના ચાંદની આ માંગણી નો શું જવાબ આપે અને કયાંથો પાણી લાવે? ફરમાવ્યું અય બેટા ! તમારી જીભ

મારા મોઢામાં મુકીદો, જનાબે અલી અકબરે ઝબાન દીધી, આહ, આહ, ઝબાન મુકતાની સાથ જ જનાબે અલી અકબરે ઝબાન પાછી કાઢી લીધી અને કહ્યું અય બાબા આપની જીભ તો મારી જીભ કરતા પણ વધારે સુકી છે. પછી આપ તો મારી કરતા વધારે પ્યાસા છો.

તરતજ ઘોડા પર સવાર થઇ દુશ્મનોની સામે ચાલ્યા ગયા અને આ વખતે પણ એસી (૮૦) બહાદુરોને કતલ કર્યા, ત્યારે દુશ્મનોએ તેમને ઘેરી લીધા અને ચારે બાજુઓથી તલવાર અને નેઝા લગાવવાનું શરૂ કર્યુ. આહ, આહ, અલી અકબર એટલા કમજોર બની ગયા કે ઘોડા પર સંભાળીને બેસી ન હોતા શકતા. તેથી પોતાના બન્ને હાથ ઘોડાની ગરદન સાથ લપેટી દીધા અને તેની લગામ છોડી દીધી. તે ઘોડો અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં એમ લઈને ફરવા લાગ્યો. જયાં જતો ત્યાં દુશ્મનો તલવાર અને નેઝા મારતા હતા.

દુશ્મનો એ જનાબે અલી અકબરના ટુકડા કરી નાખ્યા ત્યારે આપે અવાઝ આપી. અય બાબા જુઓ હવે જદદે બુઝર્ગવાર હઝરત રસુલે ખુદાએ મને એવું પાણી પિવરાવ્યું કે હવે હું કયારે પણ તરસ્યો નહિં થાઉં આ સાંભળતાંજ ઇમામ હુસૈન અ.સ. દોડયા અને કહેવા લાગ્યા, અય બેટા અને તરત જ સફો (લશ્કરોની લાઇન) ને તોડતાં લાશે અલી અકબર સુધી પહોંચી ગયા અને તેમના માથાને ખોળામાં ઉપાડી છાતીચે લપેટી લીધા અને પછી પોતાનું મોઢું તેમના મોઢા પર રાખી દીધું અને ચુમી ચુમીને રડવા લાગ્યા, જનાબે અલી અકબરે આંખો ખોલી અને કહ્યું બાબા હું તો બેહિશ્તમાં જાવ છું,તરત જ રૂહ પરવાઝ થઇ ગઇ.અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

# મજલીસ - ૬
# ઇ.હુસૈન અ.સ.હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(સલવાત)**

આવો એક વાકેઓ સાંભળીએ. આ જગ્યા વર્ષોથી શામના ખ્રિસ્તીઓની ઈબાદતગાહ હતી. અહિં ગીરજાની એક જુની ઈમારત પણ ઉભી હતી, જેમાં એક ઈસાઇ પાદરી રહેતો હતો. મઠની બધી વ્યવસ્થા તેના હસ્તક હતી. અહિં બનેલા બનાવ માટે શીઆ અને સુન્ની બંને પક્ષના ઓલમા એક મત છે.અમે રોઝતુલ અહબાબ અને નાસેખુત્તવારીખમાં એ બનાવ સબંધી આપેલા વર્ણન આપીએ છીએ.

બનાવ એ છે કે, ‘‘દોરે રાહબ પાસે લશ્કરે પડાવ નાખ્યા પછી એશ આરામના સાધનો એકઠા કર્યા, પહેલાં તેઓએ ઇ.હુસૈન અ.સ.ના સરે મુબારકને એક પેટીમાં બંધ કરીને, એ પેટીને દોરે રાહબ પાસે મુકી દીધી. થોડી વાર પછી જયારે શરાબ પીને નશામાં મસ્ત થયા એટલે તેમના સામે ભોજન પીરસવામાં આવ્યું. એ લોકો જમવામાં મશગુલ હતાં, ત્યાં અચાનક દિવાલમાંથી એક હાથ દેખાવ દીધો, અને તેણે મોટા અક્ષરે આ શેઅર દિવાલ પર લખ્યો. જે ઉમ્મતે ઇ.હુસૈન અ.સ. ને કત્લ કર્યા તે શું એના નાનાથી કયામતના દિવસે શફાઅતની આશા રાખે છે?

લોકો નવાઇથી જોઇ રહ્યા અને તેને પકડવા ઉઠતાં, એ હાથ ગાએબ થઇ ગયો, ફરી થોડીવાર રહીને તેણે દેખાવ દીધા, અને આ શેઅર લખ્યો.ખુદાની કસમ નબી (સ.અ.વ.) સાહેબ

હરગીઝ તેની શફાઅત નહિ કરશે અને તેઓ પર કયામતના દિવસે અઝાબ કરવામાં આવશે.

ફરી પાછા લોકો તેને પકડવા જતાં, હાથ અદ્રશ્ય થઇ ગયો, ત્રીજી વાર દેખાવ દેતાં તેણે આ શેઅર લખ્યો.‘‘જમણે ઝાલીમોના કહેવાથી જનાબે ઇ.હુસૈન અ.સ.ને કત્લ કર્યા. તેમણે કુરાનના હુકમના વિરૂધ આપેલા હુકમને માન આપ્યું છે’’

આ શેરો નાસેખુત્તવારીખમાં છે, પણ ઈતિહાસ શોધક અબુ મુખનીફે તેના ‘‘મકતબ’’ નામ ગ્રંથમાં સહલ સાઅદીના હવાલાથી આ બે શેરો ઉમેર્યા છે.’’

જે લોકોએ પોતાના ખુદાને રંજીદા કર્યો અને તેના વિરૂધ્ધ ગયા, તેઓનો કયામતના દિને છુટકારો નથી. અલ્લાહ પાકની આલે ઝીયાદ પર લઅનત હજો અને તેઓ જહન્નમના અઝાબમાં દાખલ થશે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આ બનાવથી હોશ ઉડી ગયા અને બીકના માર્યા તેમણે રાતે કંઇજ ખાધુ નહિ, અને તદ્દન સમસમીને રહી ગયા. આ તે લોકોની હાલત હતી, પણ

એ ઇસાઇ પાદરીની હાલત પણ જાણવા જેવી છે, એના કાનમાં અજબ અપરિચિત અવાજ આવવા લાગ્યા અને જયારે તેઓના મામુલ મુજબ અર્ધી રાત પસાર થઇ ઇબાદત માટે ઉઠયો, ત્યારે તેને એક દ્રશ્ય નજરે પડયુ... એણે જોયું કે એક પેટી પડેલી છે અને તેમાંથી નુર નીકળી રહ્યું છે, જે આકાશ સુધી ફેલાયેલુ છે, આકાશના દરવાજા ખુલી ગયા છે. અને ફરીશ્તાઓ સલવાત કહી રહ્યા છે કે, ‘‘હે નબીના પુત્ર તમારા પર અમારા સલામ થાય.’’

ઇસાઇ પાદરી આ દ્રશ્ય જોઇને ખુબ નવાઇ પામ્યો, અને કંઇક ગભરાયેલી જેવી હાલતમાં તેણે આખી રાત વીતાવી. પણ સવારની સફેદી જાહેર થતાં તે એ પાપીઓ પાસે ગયા અને ખુલીને પુછવા લાગ્યા, આ પેટીમાં શું છે? એણે કહ્યું એક ખારજીનુ માથ છે. એણે યઝીદ સામે બંડ જગાડયુ એટલે ઇબ્ને ઝિયાદે એનુ માથ વાઢી નાખ્યું. તે આ પેટીમાં છે. અમે તેને યઝીદ પાસે લઇ જઇએ છીએ. પાદરીએ પછ્યુ પણ

એનું નામ શું છે. એ નીર્લજે જવાબ આપ્યો. હુસૈન ઈબ્ને અલી અ.સ. પાદરી આ સાંભળીને ડઘાઈ ગયો, અને તેના પર લાનત વરસાવતા કહ્યું, તમારૂ નખ્ખોદ નીકળજો. તમે એજ કામ કર્યું જેના માટે અમારા આલીમો એ અમને ખબર આપી ગયા છે. એટલે કે જયારે એ પવિત્ર પુરૂષ કત્લ થશે ત્યારે આકાશમાંથી તાજુ ખુન વરસશે, અને અંબીયા તથા વસીયોના કત્લ સિવાય આવુ કયારેય બનતું નથી.

એટલે હું હવે તમને નમ્રતા પૂર્વક અરજ ગુજારૂ છું કે આ સર મુબારક મારી પાસે થોડીવાર માટે રહેવા દો. ખુલીએ કહ્યું આ સર તો હવે યઝીદ સિવાય બીજા કોઈના પાસે ખોલવાનું શકય નથી. કારણ કે અમો લોકોને સારૂ ઈનામ એ કામ માટે મળવાનું છે. કેટલુ ઈનામ મળશે? પાદરી પુછયું. ખુલીએ દશ હજાર દીરહમની રકમ બતાવતા, પાદરી એટલી રકમની એક થલી પોતાની મીલ્કતમાંથી ખુલીને હવાલે કરી,અને સરમુબારકને પોતાની સાથ લઈને ગીરજાની અંદર

ચાલ્યો ગયો. આ સર મુબારક પર મુશ્ક અને અંબર છાંટયા પછી તેને એક રેશમના સુગંધી કપડામાં વીટાળ્યું અને પછી તેણે સર મુબારકને માનપુર્વક સંબોધીને કલ્મો પઢયો અને મુસલમાન થઇ ગયો. અહલેબૈતના આલીમોના કથન મુજબ, જનાબે ઇ.હુસૈન અ.સ. સર મુબારકે તેજ વખતે એ પાદ્રીને જન્નતની ખુશખબર આપી.

કેટલીક રિવાયતો પરથી જણાય છે કે પેલા પાદરી એ દિવસથી જ મઠમાં રહેવાનું છોડી દીધું અને અહિ તહિ પહાડો અંને જંગલોમાં વસીને પોતાનું બાકીનું જીવન ખુદાની ઇબાદત અને રિયાઝતમાં વીતાવી દીધું.

આજે મોહર્રમ ૬ઠી મજલીસ છે, આજની મજલીસમાં ઇ.હુસૈન અ.સ.ના બચપનના દોસ્ત હબીબ ઇબ્ને મઝાહીરના મસાએબનો ઝીક્ર કરીશું.

હબીબ ઇબ્ને મઝાહીર કરબલાએ મોઅલ્લા પહોંચ્યા અને હઝરતની પાસે જઇને ઘોડા પરથી

ઉતરીને સલામ ક્ર્યા બાદ બહુજ રડયા. આહ, આહ, જયારે જનાબે ઝયનબને ખબર પડી કે મારા ભાઈની મદદ માટે હબીબ આવ્યા છે. તો કોઇને કહ્યું કે તેમને જઈને મારા સલામ કહો. આહ, આહ, જયારે હબીબે એ સાંભળ્યું કે જનાબે ઝયનબે મને સલામ મોકલ્યા છે તો પોતાનું માથ કુટવા લાગ્યા, માથા પર ખાક નાખતા અને રડીને કેહતા કે કેવો સમય આવી ગયો કે અમીરૂલ મોઅમેનીનની સાહેબઝાદી મને સલામ કરેં!

પછી જનાબે હબીબ હઝરતની સાથ રહ્યા. આશુરાના દિવસે બપોર પછી હઝરત ઈમામ હુસૈન અ.સ. મે ઉમર બિન સઅદ મલઉનના લશ્કરને ઉદેશીને ફરમાવ્યું કે તમે લોકો પણ નમાઝ અદા કરો અને અમે પણ નમાઝ અદા કરી લઇએ, તેથી એક મલઉને કહ્યું : અય હુસૈન! તમે ગમે તેટલી નમાઝ પડો પણ તમારી નમાઝ કબુલ નથો થઇ શકતી. આ સાંભળીને જનાબે હબીબ ગુસ્સામાં લાલ પીળા થઇ ગયા, અને કહ્યું કે લઅનત થાય તારા પર, જો ફરઝન્દે

રસુલની નમાઝો કબુલ નહી થાય તો શું તારા જેવાની નમાઝ કબુલ થશે? પછી હઝરતને કહ્યું મને લડવાની ઈજાઝત આપો. હવે આ નમાઝ બેહિશ્તમાં આપના નાનાની સાથ પડીશ.

હઝરતે ઈજાઝત આપી, અને જનાબે હબીબે ગઝબનાક શેરની જેમ તે શકી ઉપર હુમલો કર્યો અને તેને મારીને ઝમીન પર પછાડી દીધો અને પછી બીજા બત્રીસ સવારોને કત્લ કરી નાખ્યા અને આખરે દુશ્મનોએ હબીબને ચારે બાજુથી ઘેરીને તીરો તલવારોઅને નેઝાઓથી મારીને ઝમીન પર પછાડી દીધા. ત્યારે જનાબે જયનબ બોલ્યા કે, આદાએ મારા લાલના મદદગારને શહીદ કરી દીધા. અય ભાઈ આપના રફીક દુન્યાથી કુચ કરી ગયા.અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

# મજલીસ - ૭
# ઈ.હસન અ.સ. અને ઈ.હુસૈન અ.સ.ની ફઝાએલ.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. (સલવાત)**

રોમનાં બાદશાહનો એક વજીર કે જે ઈસાઈ હતો. તે શામમાં યઝીદનાં દરબારમાં આવે છે. તે સમયે તે દરબારમાં ઈ.હુસૈન અ.સ.નું સર મુબારક મૌજુદ હતુ. તે ઈસાઈ સફીરે રૌમે સરે ઈ.હુસૈન અ.સ.ને જોઈને જોર જોરથી રડવા લાગ્યો. એટલુ રડયો કે તેની દાઢી આંસુથી ભીની થઈ ગઈ. તેનો ચહેરો આંસુઓથી ભરેલો હતો.

તેણે કહયુ કે હું મારી જીંદગીની શરૂઆતમાં મદીના વેપાર માટે જતો. એક વખત મેં ચાહયું કે હું રસુલે સ.અ.વ.ની ખિદમત જાવ અને તેમને તોહફો ભેટ આપુ. મે આપનાં અસહાબોને પુછયું કે સરવરે કાએનાતને કઇ ચીજ વધુ પસંદ છે? અસહાબોએ કહયું આપ સ.અ.વ. ખુશ્બુને વધારે પસંદ કરે છે.મે મુશ્ક અંબર જેવી ખુશ્બુઓ રસુલ સ.ને ભેટ આપવા માટે લીધી, અને હું આપના ઘરે ગયો.

તે વખતે આપ (સ.અ.વ.) જ.ઉમ્મે સલમા (અ.ર.) નાં ઘરે હતા. જયારે મે રસુલે ખુદા સ.અ.વ. નાં સુંદર અને નુરાની ચહેરાને જોયો, જેમાંથી એક નુર નીકળી રહયું હતુ. મારૂ દિલ ખુશી અને આનંદથી ભરપુર થઇ ગયુ. મારા દિલમાં ખુદબખુદ આપ સ.અ.વ.ની મોહબ્બત પૈદા થઇ ગઇ. મે સલામ કરી અને મુશ્ક અને અંબર આપ સ.ની ખિદમતમાં પેશ કર્યા.

આપે કહયું આ શું છે? મે કહયું હું આપના માટે તોહફો લાવ્યો છું. આપે કહયું તારૂ નામ શું છે? મે કહયું અબ્દુશ્શમ્સ. આપે ફરમાવ્યું, કે તું તારૂ નામ બદલી નાખ અને જો તારૂ નામ અબ્દુલવહહાબ રાખ્યુ છે. તું ઈસ્લામ કબુલ કર, તો હું તારી ભેટ કબુલ કરૂ ? મે રસુલ સ.અ.વ.ની તરફ જોયુ,મને તેઓમાં રસુલે બરહકની નિશાનીઓ જોવા મળી.જેના બારામાં ઈસા અ.સ.એ અમને બશારત આપી હતી, કે હું બશારત આપુ છું મારા પછી આવનાર નબીની કે જેનું નામ એહમદ છે. હું તે સમયે ઈમાન લાવ્યો અને ઈસ્લામને કબુલ કર્યો. પછી હું રોમ પાછો ફર્યો. મે મારા ઈસ્લામને છુપાવ્યો. આજે પણ હું ચાર દિકરા અને ચાર દિકરીઓ સાથ મુસલમાન છું અને રોમના બાદશાહનો વજીર છું.

કોઈપણ ઈસાઈ મારી હાલતથો વાકીફ નથી, અને એ યઝીદ સાંભળ, અક દિવસ હું રસુલ સ.અ.વ.નાં ઘરે ગયો. તે વખતે આપ ઉમ્મેસલમા (અ.ર.)નાં ઘરે હતા. જે બુઝુર્ગવાર નું સર મુબારક તારી સામે છે,તેમને

મે નાનપણમાં જોયા. તેઓ દરવાજેથી રૂમમાં આવ્યા, પયગમ્બરે ખુદા એ તે બાળકને જોઈને પોતાના બંને હાથ ફેલાવી દીધા અને કહ્યુ, અય મારા વહાલા! અને ખોળામાં બેસાડી દીધા અને તેમના હોઠોને ચુમવા લાગ્યા અને ઈ.હુસૈન અ.સ.નાં દાંતોને ચુમતા હતા, અને ફરમાવતા હતા, રહેમતે ઈલાહી તેનાથી દૂર રહે,જે તમને કત્લ કરે અથવા તમારી કત્લમાં મદદ કરે.આમ ફરમાવતા હતા અને રડતા હતા.

બીજા દિવસ હું રસુલ સ.અ.વ. પાસે હાજર થયો ત્યારે ઈ.હસન અ.સ. અને ઈ.હુસૈન અ.સ. (બાળપણમાં) ત્યાં આવ્યા અને કહ્યું કે અમે બંને તાકાત અજમાવીએ,આપ જુવો કે અમારામાં વધારે તાકાત વાળુ કોણ છે? રસુલે ખુદા સ.અ.વ. આ બંને નુરેનઝરને મોહબ્બતથી જોઇ રહયા અને બોલ્યા અય મારા વ્હાલા તમે આવુ કયારેય ન કરશો. તમે બંને જાવ અને થોડુ લખીને લાવો,જેનું લખાણ સારૂ હશે, તે

વધારે શકિત શાળી. થોડીવારમાં બંને નવાસા એક તખ્તીમાં લખાણ લખીને લાવ્યા.

રસુલે ખુદા સ.અ.વ.એ જોયુ અને થોડીવાર સુધી તેઓની સામે જોતા રહયા, અને ન ચાહય કે તે બંનેમાંથી કોઇને દુઃખ પહોંચે, એટલે કહયું કે તમે બંને શેહઝાદા તમારા વાલીદે બુઝુર્ગવાર પાસે જાઓ. તેઓ ફેંસલો કરી આપશે કે કોનું લખાણ વધુ સારૂ છે. બંને શેહઝાદા ઘરે ગયા. સાથ રસુલે ખુદા સ.અ.વ. પણ જ.ફાતેમા ઝહરા સ.અ. નાં ઘરે ગયા. થોડોવાર પછી રસુલેખુદા સ.અ.વ બહાર આવ્યા. સાથ જ.સલમાને ફારસી અ.ર. પણ હતા.

મારી જ.સલમાન (અ.ર.) સાથ દોસ્તી હતી. મે તેમને પુછયું કે શાહઝાદાઓનાં પિતાએ શું કહયુ? અને કોના લખાણને સારૂ કહયુ? જ.સલમાને ફારસી (અ.ર.)એ કહયું કે રસુલે ખુદા સ.અ.વ. એ કોઇ એકનાં લખાણને સૌથો સારૂ ન કહયુ એ ખ્યાલથો કે બંને નવાસામાંથો એકના લખાણને સારૂ કહે તો બીજા

નવાસાને દુઃખ પહોંચે, તેથી અલી અ.સ.એ બંને બાળકોને જ.ફાતેમા ઝહરા (સ.અ.) પાસે મોકલ્યા.

જ.ફાતેમા ઝહરા (સ.અ.)એ બંને બાળકોના લખાણને જોયુ, અને વિચારવા લાગ્યા કે કેવી રીતે ફેંસલો આપુ, નાના રસુલે ખુદા સ.અ.વ. અને હુસૈન અ.સ.નાં વાલીદે બંને બાળકોમાંથી એકનું દિલ ન તુટે, તે માટે ફેંસલો ન આપ્યો. હું કેવી રીતે નિર્ણય આપુ. જ.ઝહરા સ.અ. એ પોતાનો હાર ખુલ્લો કરીને જમીન પર તેના મોતીઓને વેરી દીધા અને કહયું જે વધારે મોતી લઇ લે તેનું લખાણ વધારે સારૂ અને તે વધારે શકિતવાળો.

બંને શાહઝાદાએ ૩-૩ મોતીઓ લઇ લીધા. એક મોતી માટે બંને શાહઝાદા તે તરફ દોડયા. તુરત જ અલ્લાહ ત. ના હુકમથી જીબ્રઇલ જમીન પર ઉતર્યા અને આ મોતીના બે ભાગ કરી દીધા. બંને શાહઝાદાએ અડધુ અડધુ મોતી ઉપાડી લીધુ.

અય યઝીદ રસુલે ખુદા સ.ને એ પસંદ ન હતુ કે બંને શહઝાદામાંથો એકનું દિલ તુટે. જ.ફાતેમા ઝહરા સ.અ. અને અલી અ.સ.એ ફેંસલો એટલા માટે ન આપ્યો કે તે બંને શાહઝાદામાંથો એકનું દિલ ન તુટે, જમીન અને આસમાનનો માલિક અલ્લાહ ત. પણ નહોતો ચાહતો કે બંનેમાંથો એકનું દિલ તુટે, અને તું રસુલે ખુદા સ.નાં નવાસાની સાથ આવુ ખરાબ વર્તન કરે છે. તે માણસ ઉભો થયો અને ઇ.હુસૈન અ.સ.નાં સર મુબારકને લઇને ઝારો કતાર રડવા લાગ્યો...(બેહારૂલ અનવાર ઉર્દુ ભા.૨ પે.૭૦-૭૨)

રસુલે ખુદા સ.અ.વ. બંને શાહઝાદાને કેટલા ચાહતા હતા. તે આપણે આ વાકેઆ ઉપરથી જાણ્યુ.રસુલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું ઇ.હસન (અ.સ) અને ઇ.હુસૈન અ. જન્નતનાં જવાનોના સરદાર છે. પરંતુ વફાતે રસુલ સ.નાં બાદ ઇ.હસન અ.સ.ને કાતીલ ઝહર આપીને શહીદ કરી દેવામાં આવ્યા. જયારે ઇ.હસન અ.નાં જનાઝાને દફન વિધિ માટે

જન્નતુલ બકીઅ તરફ લઇ જતા હતા. ત્યારે દુશ્મનોએ આપના જનાઝા પર તીર વરસાવ્યા. આપને નાનાનાં પહલુમાં દફન થવા ન દીધા... ઇ.હસન અ.જન્નતુલ બકીઅમાં માઁના પહલુમાં દફન થયા.

આવો કરબલામાં ઇ.હુસૈન અ.સ.એ બધા દસ બાર વર્ષના બચ્ચાંઓને ભેગા કર્યાં અને ફરમાવ્યું કે, બચ્ચાઓ! તમો પણ પોતાની માં-બહેનોનો હાથ પકડીને રાત્રીના અંધારામાં આ જંગલમાંથી ચાલ્યા જાવ. આ સાંભળીને જનાબે હસને મુજતબા અ.ના સાહેબઝાદા જનાબે કાસિમ અ.આગળ વધ્યા અને અરજ કરી : સય્યદના કયફ નોખલ્લેફ - અએ અમારા સરદાર! અમો આપને કેવી રીતે છોડીને ચાલ્યા જઇએ ? ઇમામ અ.મે ફરમાવ્યુ : બેટા કાસિમ! શું મૌતથી ડરતા નથી? શેહઝાદાએ અરજ કરી, અલ કત્લો બચન યદયકલી અહલા મેનલ અસ્લે-યચાજાન! આપના કદમોમાં શહીદ થવું મધથી વધારે મીઠું છે.

જનાબે કાસિમ અ. હજુ બાલિગ થયા ન હતા. બાર અથવા તો તેર વરસની વય હતી. આપે ઈમામ અ.ની ખિદમતમાં ઈજાઝત ચાહી તો ઈમામ કેમ રજા આપે? જનાબે કાસિમ અ.ના ગળામાં આપે બન્ને હાથ નાખી દીધા અને બન્ને જણ એટલુ બધું રડયા કે, બેહોશ થઇ ગયા. આપ ફરમાવ્યું : બેટા કાસિમ! તું મારા ભાઈની નિશાની છો. તમારા ઉપર જેહાદ વાજીબ નથી.

છેવટે જનાબે કાસિમ અ.ને બહુ જ મુશ્કેલીથો રજા મળી અને હઝરત ઈમામ હુસૈન અ.સ.મેં કફનની જેમ પોતાના હાથ કપડા પહેરાવ્યા. પહેલાં પહેરણ પહેરાવ્યું અને ગીરેબાનને ફાડી નાખ્યું અને માથા ઉપર જેવી રીતે મય્યતને અમામો બાંધે છે, તેવી રીતે અમામો બાંધ્યો. હાથમાં તલવાર આપી ઘોડા ઉપર હઝરતે પોતે સવાર કર્યાં અને ફરમાવ્યું : બેટા, ખુદા હાફિઝ !

રિવાયતમાં છે કે , જનાબે કાસિમ જયારે મેદાનમાં આવ્યા ત્યારે બખ્તર પણ પહેર્યું ન હતું અને બુટની દોરી પણ ટુટેલી હતી. જયારે આ ચાંદનો ટુકડો મેદાનમાં આવ્યો તે વખતે આપની વય જોઇને લશ્કરને ખ્યાલ પણ ન હતો કે આ લડશે! રજઝ પડવા પછી આપે કેટલાંય નારીયોને જહન્નમ વાસિલ કર્યા. લશકરને વેરવિખેર કરી ચચાની ખિદમતમાં આવ્યા અને અરજ કરીઃ ‘‘યા અમ્માહો! અલ્અતશ, અલ્અતશ ! પણ ગરીબ મઝલુમ આકા શું જવાબ આપે? હઝરતે એક વીંટી જનાબે કાસિમ અ.ને આપી અને કહ્યું : બેટા ! આને મોં માં રાખો, શાયદ તસ્કીન થાય. આપે વીંટી મ્હોમાં રાખી. જયારે આપ મેદાનમાં જવા લાગ્યા તો ઇમામ અ.મે ફરમાવ્યું કેઃ બેટા કાસિમ! જરા બેવા માની પાસે જાઓ કે તમારી જુદાઇમાં તડપી રહેલ છે. જયારે જનાબે કાસિમ ખયમાની નઝદીક પહોંચ્યા તો માના રોવાની આવાઝ આવી આ અવાઝ સાંભળીને જનાબે કાસિમ અ. રોવા લાગ્યા. ઉમ્મે ફરવાએ

બેટાની સુરત જોઇ તેની આસપાસ ફરવા લાગ્યા. જનાબે કાસિમે કહ્યું કે : માઁ સબ્ર કરો માઁ ને સમજાવીને જનાબે કાસિમ અ.મેદાનમાં તશરીફ લાવ્યા.

અઝાદારો ! કમસીનીનો આલમ, ત્રણ દિવસની ભુખ અને તરસ, ઈરાકની સખ્ત ગરમી. કયાં સુધી લડી શકે? એક મલઉને પાછળથી આવી એવા જોરથી તલવાર મારી કે, આપે અવાઝ આપી : ‘‘યા ઉમ્માહો અદરિકની !’’ અરે ! આ અવાઝ સાંભળીને હઝરત ઈમામ હુસૈન અ. દોડયા અને કાતિલ ઉપર હુમલો કર્યો અને લશ્કર વેરવિખેર થઇ ગયું.

યઝીદના લશકરના ઘોડાની ટાંપોથી જનાબે કાસિમ અ.ની લાશ પામાલ થવા લાગી. આપે ફરી અવાઝ આપી. ‘યા ઉમ્માહો અદરિકની. યા ઉમ્માહો અદરિકની.’

ઈમામે હુસૈન અ. જનાબે કાસિમ અ.ની પાસે ગયા. જોયું તો એડીયો રગડી રહયાં છે. જનાબે કાસિમ અ.ની લાશ પામાલ જોઈને આપ રોવા લાગ્યા અને

ફરમાવ્યું કે : 'યા બોનય્ય કતલલ્લાહો કવમન કતલુ - બેટા કાસિમ! અલ્લાહ કતલ કરે એ કૌમને કે, જેણે તને કતલ કર્યો. અરે! તારા કાકા ઉપર બહુ જ દુશવારછે, કે તું મદદના માટે પોકારે અને હું મદદ ન કરી શકુ.

અઝાદારો! જનાબે કાસિમની કેવી હાલત થઇ ગઇ હતી,તે હું શું અરજ કરૂં ? જરા દિલ ઉપર હાથ રાખી લિયો કે, જયારે આપે ભત્રીજાની લાશ ઉપાડી ત્યારે શેહઝાદાનું સર આપના સરની બરાબર હતું.અરે! છાતી સાથ છાતી લાગેલી હતી. પગ ઝમીન ઉપર લટકી રહયાં હતાં. અરે! બાર તેર વરસના બચ્ચાની લાશ આટલી લાંબી કેમ થઇ ગઇ? તેનું કારણ એ હતુ કે ઘોડાની ટાંપોથી આપનું જિસ્મ મુબારક ટુકડે ટુકડા થઇ ગયું. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

# મજલીસ - ૮

## ઇ.ઝમાના અ.સ.માતમી ઝુલુસમાં.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ....રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(સલવાત)**

યકીનન આ મજલીસે અઝા ઈબાદત છે. ઇ.ઝમાના અ. ઇ.હુસૈન અ.સ.ના અઝાદાર છે. આવો આપણે એક વાકેઓ સાંભળીએ.

તમામ ઓલમા, મરાજેએ તકલીદ (મુજતહીદો) ખુદ અઝાદારી કરતા અને ઇ.ઝમાના અ.સ.ની બારગાહમાં પહોંચવા માટે અઝાદારીને વસીલો બનાવતા.

નજફમાં હું કેટલાક આલીમે દીનની સાથ ઇ.હુસૈન અ.સ.ની ઝિયારત માટે પગપાળા જતો હતો. રસ્તા પર

અમે એક જગ્યા (તવરૈઝ) પહોંચ્યા, જયાંથી કરબલાનું અંતર ચાર ફરસખથી વધુ નથી.

એક આલીમે દીને મને ફરમાવ્યું કે આશુરાનાં દિવસે એક જુલુસ અહીંથી સીનાઝની (માતમ) કરતું કરતું કરબલા જાય છે. કેટલાક ઓલમાએ કીરામ અને મુજતહીદ આ જુલુસમાં સાથ જોડાતા અને માતમ કરતા. પછીતે બુઝુર્ગ આલીમે ફરમાવ્યું કે એક વખત આશુરાના દિવસે હું તવરૈઝથી એક માતમી જુલુસમાં જોડાયો અને કરબલા તરફ જઈ રહયો હતો. તે ઝમાનાનાં મુત્તકી, અને પરહેઝગાર આલીમ આંખમાં આંસુ સાથ માતમ કરી રહયા હતા.

તે આલીમે દીને ફરમાવ્યું કે એક વખત આશુરાના દિવસે સૈયદ બહરૂલઓલુમ (અ.ર.) કેટલાક તાલીબે ઇલ્મની સાથ માતમી જુલુસના ઈસ્તીકબાલ માટે તવરૈઝ જતા હતા.

એક વખત આવા જ મૌકા ઉપર સૈ.બહરૂલ ઓલુમ (અ.ર.) એક માતમી જુલુસમાં બે ઈખ્તીયાર

અઝાદારોની વચ્ચે જઇને સખત માતમ કરવા લાગ્યા અને જારોકતાર રડતા હતા. તાલીબે ઇલ્મ (સ્ટુડન્ટ) તેમની આસપાસ ગોઠવાઇ ગયા અને ડર લાગતો હતો કે બેહરૂલ ઓલુમ અ.ર. પડી ન જાય.

જયારે માતમી જુલુસ પુરૂ થયું તો સૈ.બહરૂલઓલુમ અ.ર. એ ફરમાવ્યું કે જયારે હું માતમી જુલુસની નજદીક પહોચ્યો, તો મે જોયું કે હઝરત બકીયતુલ્લાહ (અ.ત.ફ.શ.) માતમી જુલુસમાં ખૂલ્લા પગે, ઉઘાડા માથ માથ પિટી રહયા છે. ઝારો - કતાર રડતા રડતા માતમ કરી રહયા છે. મે આ જોયું તો હુ બેઇખ્તીયાર ઇ.ઝમાના અ.ની ખિદમતમાં આ જુલુસમાં જોડાઇ ગયો અને માતમ કરવા લાગ્યા. (મુલાકાત બા ઇમામે ઝમાના અ.સ. ભાગ-૨ પે.૨૬૮-૨૬૯).

ઇ.ઝમાના અ.સ. ખુદ ફરમાવે છે કે ‘‘અય જદ્દે મઝલુમ હું આપના ગમમાં સવાર સાંજ રડતો રહીશ,

અને ગીર્યા વ ઝારી કરતાં ક્રતા આંસુઓના બદલે ખુનના આંસુ વહાવીશ (ઝિયારતે નાહીયા).

આવો આપણે પણ શોહદાએ કરબલાના ગમમાં આંસુ વહાવીએ......

ઈ.હુસૈન અ.ના મસાએબ વકતના ઈમામની ઝબાનમાં આભળીએ. ઝિયારતે નાહીયામાં ઈ.ઝમાનાઅ. ફરમાવે છે. ખુનથી નહાયેલા મઝલુમ ઉપર સલામ. અઝાદારો તસવ્વુર કરો,ઈમામ અ.નાં જુમ્લા ઉપર કે ઈ.હુસૈન કેટલા ઝખ્મી હતા. આપનું પુરૂ શરીર લોહી લુહાણ હતુ.... જયારે ઈ.હુસૈન અ.સ. રૂખ્સતી માટે ઈ.સજજાદ અ. પાસે આવે છે.. તો ઈ.સજજાદ અ.સ. પિતાને ઓળખી નથી શકતા. કેવી રીતે ઓળખી શકે ? પુરૂ બદન ખૂન આલુદા હતું, લોહી લુહાણ હતુ.

ઈ.ઝમાના અ. ફરમાવે છે કે મુર્જાએલા અને સુકાયેલા હોઠો ને સલામ. કેટલા પ્યાસા હતા,ઈ.હુસૈન અ.સ..રિવાયતમાં મળે છે, કે અલીઅકબર અ.સ.

જંગ કરતા કરતા પ્યાસની તડપને કારણે પાછા આવે છે અને કહે છે કે બાબા! પ્યાસ. ઈમામ અ. પોતાની ઝબાન દિકરાનાં મો માં આપે છે. અલીઅકબર અ. એ તરત જ પોતાના મોં ને હટાવી લીધુ. બાબા તમારી ઝબાન તો મારા કરતા વધારે સુકી છે.

અઝાદારો, મઝલુમ ઈમામ અ. ૭૧ અન્સારો કુટુંબીઓના લાશાને ઉપાડયા પછી,સબ્રનો જામ પીઇને,પોતાના બાળકોને ભુખ્યા પ્યાસા છોડીને જંગના મેદાનમાં આવી જાય છે... શેરે ખુદાના લાલે દુશ્મનોને અલી અ.ની બહાદુરીની યાદ દેવડાવી દીધી...... આખરે આવાજે કુદરત આવી... બસ,અય નફસે મુતમઈન્ના! તારા રબ તરફ પલટી આવ... ઇ.હુસૈન અ.સ.તલવાર મ્યાન કરી, ભાગેલુ લશ્કર નઝદીક આવ્યું. ચારે તરફથો હુમલાઓ થઇ રહ્યા હતા. કોઇ પથ્થર તો કોઇ તલવાર તો કોઇ નેઝા વડે તો કોઇ તીર વડે હુમલો કરી રહ્યું હતું... ઇ.હુસૈન નાં શરીર ઉપર એટલા તીર હતા કે જયારે આપ ઘોડા

પરથો નીચે આવ્યા તો આપનું શરીર તીરો ઉપર હતું......ઇ.હુસૈન અ.સ. શહીદ થઇ ગયા. એક આંધી ઉઠી... જમીનને ઝલઝલો આવ્યો. અવાજ ગુંજી અલા કોતેલલ હુસૈનો બે કરબલા અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

## મજલીસ - ૯

# ઇ.હુસૈન અ.સ.ના લોહીએ હિદાયત કરી.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઇમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. (સલવાત)**

હવે આપણે એક વાકેઓ સાંભળીએ. ઇ.હુસૈન (અ.સ.)ની શહાદત બાદ એક સફેદ રંગનું પક્ષી ઇ.હુસૈન (અ.સ.)ની લાશ પાસે આવે છે અને આળોટે

છે. રોવાનું શરૂ કરે છે, આખુ શરીર લાલ થઇ જાય ત્યાં સુધી ઇ.હુસૈન અ.સ.ના લાશના ખુનમાં આળોટે છે, ત્યાર બાદ ઉડીને બીજા પક્ષીઓને બતાવે છે. તેઓ તમામ ખુનથી રંગીન થઇને નબીએ કરીમ (સ.) ના રોઝા પર જાય છે. અને આપ(સ.)ને પુરસો આપે છે.

આ પક્ષીઓમાંથી એક પક્ષી કે જે ખુને ઇ.હુસૈન (અ.સ.)થી જેની પાંખો ભીની હોય છે. તે ઉડીને મદીનાની બહાર એક બાગમાં આવે છે અને રાત પડી જાય છે. આ બગીચો અકે યહદીનો હોય છે. પક્ષી ઝાડ પર બેસે છે અને ઇ.હુસૈન (અ.સ.)ના ગમમાં ઉંચા અવાજે રોવે છે.

આ યહુદીની એકપુત્રી હતી જે આંધળી - બહેરી હાથ પગથી અપંગ હતી. આખુ શરીર કોઢથી ભરેલુ હતુ.યહુદીએ શહેરના લોકોના હઠાગ્રહ મુજબ પોતાની આ દીકરીને મદીનાની બહાર બગીચામાં રાખી હતી.દિવસે યહુદી-શહેરમાં ધંધો કરવા આવતો અને રાત્રે પોતાના બાગમાં આવી જતો. પણ જોગાનું જોગ

તે રાત્રે યહુદી પોતાની દીકરી પાસે આવી શકયો નહિ. અને જયારે દીકરી બાપથો નિરાશ થઇ ગઇ તો તે આળોટતી - આળોટતી બહાર આવી અને ત ઝાડ નીચે પહોંચી ગઇ જે ઝાડ પર તે પક્ષી બેઠુ-બેઠુ રોતુ હતુ.

પક્ષીની પાંખો ખુને શબ્બીરથો ભીની હતી. તેમાંથો એક ટીપુ તે આંધળી છોકરીની આંખમાં પડયુ. તરતજ તે છોકરી દેખતી થઇ ગઇ. તેને આંખની રોશની મળી ગઇ, જોયુ કે લોહીનું ટીપુ તેની બીજી આખ પર પડયુ એટલે તે દેખતી થઇ ગઇ. પછી તો છોકરી બીજા ટીપાઓ પડવાની વાટ જોતી હતી. ફરી એક ટીપુ પડયુ તેના હાથ પર પરિણામે તેનો હાથ તંદુરસ્ત થઇ ગયો. આ રીતે જેમ જેમ ટીપા પડતા ગયા, તેમ તેનાં શરીરને તંદુરસ્તી અને શફા મળતી ગઇ. ત્યાં સુધી કે તેને પુરૂ શરીર તંદુરસ્ત થઇ ગયું.

એવામાં સવાર પડી ગઇ અને તે ચાલવા માંડી. જયારે યહુદી બાગમાં આવ્યો તો પોતાની છોકરીને

ઓળખી શકયો નહિ, અને ઇન્કાર કર્યો.ત્યારે છોકરીએ તમામ નિશાનીઓ બતાવી તો યહુદી પાસે માનવા સિવાય કાંઇ વિકલ્પ રહયો નહિ. યહુદીએ કહ્યુ -તુ તો એવી બિમાર હતી કે મોટા મોટા હકીમો અને ડોકટરોએ તારો ઇલાજ થઇ શકે નહિ તેમ કહ્યુ હતુ. તો આ એક રાતમાં કેમ તું સાજી થઇ ગઇ? યહુદી છોકરીએ પક્ષીની પુરી વાત કરી અને તે વૃક્ષની નીચે લઇ ગઇ, જેના પર પક્ષીના ખુનના ટીપા પડવાન લીધે મને શીફા મળી.

યહુદીએ તે પક્ષીને કહ્યુ, અય પક્ષી હું તને તારા ખાલિકનો વાસ્તો આપુ છુ કે મારાથો વાત કર અને મને બતાવ કે આ લોહી કોનું છે? પક્ષીએ ગિર્યા કરતા કરતા પોતાની તમામ દાસ્તાન અને મઝલુમે કરબલાની શહાદતનો વાકેઓ સંભળાવ્યો અને કહ્યુ કે બીજા પક્ષીઓની સાથ રસુલે ખુદા (સ.)ને પુરસો આપવા માટે આવ્યા છીએ. પરંતુ રાત પડી ગઇ હતી એટલે તારા બગીચામાં રોકાયુ હતુ.

યહુદીએ પોતાની પુત્રીને શહેરમાં લાવ્યો અને પોતાની તમામ ભાઈઓ-સગા-વ્હાલા કબીલાના લોકોને ભેગા કર્યા અને વાકેઓ સંભળાવ્યો અને છોકરી પણ દેખાડી. ઈ.હુસૈન (અ.સ.)ના ખુનનો મોઅજીઝો જોઈને ૫૦૦ યહુદી મુસ્લીમ થઈ ગયા.બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ છે, અને નજાતની કશ્તી છે. (દમઅતુસ્સાકેબાહ પે.૨૬૫,૨૬૬).

આજે આપણે જનાબે અબ્બાસ અ.ના મસાએબનો ઝીક્ર કરીશું જનાબે અબ્બાસ અ.પાણી લેવા માટે રવાના થાય છે.મઝલુમ ઈમામ ભાઈને હસરતની નિગાહથી જોઈ રહ્યા. આપને નહેરની તરફ આવતા જોઈને હજારોનું લશ્કર આપની ચારો તરફ ફરી વળ્યું પણ કોની તાકાત હતી કે આપને રોકી શકે? નહેરનો રસ્તો સાફ થઈ ગયો. ઘોડાને ફુરાતમાં નાખ્યો, મશ્ક ભરી, પાણી ઉછળી રહ્યું હતું.એ જોઈ આપની આંખોમાં આસું આવી ગયા અને અશઆર

પડવા લાગ્યા, અએ અબ્બાસ! ફરઝંદે સાકીએ કવસર અને તેમનાં ન્હાનાં ન્હાનાં બાળકો તરસ્યા હોઇ અને તું પાણી પીવે, એથો વધારે શું ખરાબ હોઇ શકે! એમ કહેતા કહેતા આપ અને આપનો ઘોડો તરસ્યા બાહેર નીકળી આવ્યા. ઇબ્ને સાઅદના હુકમથી તમામ ફોજ ભેગી થઇ ગઇ. જેમાં છ હજાર તો તીર ફેકવાવાળા હતા. અલમદારે હુસયની પર તીરોનો વરસાદ વરસવા લાગ્યો. સકકાએ સકીના તીરોથી ચુરચુર થઇ ગયા.

ખયમાના દરવાઝા ઉપર જનાબે સકીના ન્હાનાં ન્હાનાં બચ્ચાઓને લઇને ઉભા છે. જયારે આપ ફુરાતથી પાણી લઇને નીકળ્યા ત્યારે અલમનો ફરેરો નજરે પડયો તો કહેવા લાગ્યા કે : જુઓ બચ્ચાઓ ! અલમ આવી રહેલ છે. દોઆ કરો કે અલમદાર પણ સલામત આવી જાય. જનાબે અબ્બાસ કોશિષ કરતા હતા કે કોઇ રીતે તરસ્યાં બચ્ચાઓ સુધી આ પાણી પહોંચી જાય. એકાએક પાછળથી એક મલઉને એવી તલવાર મારી કે આપનો જમણો હાથ કપાઇ ગયો.

અલીના શેર ડાબા હાથથો લડવા લાગ્યા. એટલામાં એક શકીની તલવારે બીજો હાથ પણ કાપી નાખ્યો.

અઝાદારો! ઇન્સાનના માટે હાથનું ન હોવું બહુ જ મોટી મુસીબત છે. જનાબે અબ્બાસ અ.ના હાથ કપાઇ ગયા ત્યારે અશ્કિયા નઝદીક આવીને તલવારો અને બરછીયો મારવા લાગ્યા. આપે મશ્કને દાંતોમાં પકડી લીધી કે કોઇ પણ રીતે પ્યાસાઓ સુધી પાણી પહોંચી જાય. અફસોસ ! એક તીર મશ્ક ઉપર અને એક તીર આંખ ઉપર લાગ્ય. આંખમાંથી ખુન વહેવા લાગ્યુ અને ઝાલીમો બરછીયો મારવા લાગ્યા. આહ ! જનાબે અબ્બાસ અ.ની ઉમેદ ખાકમાં મળી ગઇ. બધી આશાઓ ટુટી ગઇ. એક મલઉને પાછળથી આવી સરે મુબારક ઉપર એવો ગુર્ઝ માર્યો કે, આપનું માથ ફાટી ગયું. આપ ઝમીન ઉપર તશરીફ લાવ્યા અને અવાઝ આપોઃ ‘યા અબા અબ્દિલ્લાહ અલયક મિન્નસ્સલામ.

અઝાદારો ! આવાઝ સાંભળી હઝરત ઇમામે હુસૈન અ. કમર થોભી બેસી ગયા. પછી એવી રીતે

મેદાન તરફ ગયા કે, જેવી રીતે બાઝ શિકારની તરફ દોડે છે. લાશ પાસે પહોંચીને શું જોયું? ખુદા કોઇ ભાઈને એ હાલ ન દેખાડે, ભાઈના બન્ને હાથ કપાઇ ગએલા, માથ ફાટેલુ અને એડિયો રગડી રહયા છે. બેઇખ્તિયાર આપ બેસી ગયા, માથાને ખોળામાં રાખ્યું અને થોડીક વાત કરી ત્યાં ભાઈની આગોશમાં આપની રૂહ મુબારક પરવાઝ કરી ગઈ. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

## મજલીસ - ૧૦

# ઇ.હુસૈન અ.સ.ની ઝિયારત અને ઝિયારતે આશુરાની ફઝીલત.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ... ઇ.સાદિક અ.સ.ફરમાવે છે,**

મન અરાદલ્લાહો બેહીલ ખય્ર કઝફ ફી કલ્બેહી હુબ્બલ હુસૈન વ હુબ્બ ઝિયારતેહી. ઈમામ જાફરે

સાદિક અ.સ.ફરમાવે છે કે અલ્લાહ (ત.) જેના માટે ભલાઈ ચાહે છે,તેના દીલને ઇ.હુસૈન અ.સ.ની મોહબ્બત અને તેમની ઝીયારતની મોહબ્બતથી ભરી દેય છે. કામીલુઝ ઝિયારતમાં ઇ.હુસૈનઅ.ની ઝિયારતની ઘણી હદીસો બયાન કરવામાં આવી છે. તેમાંથી થોડી હદીસો અહીં બયાન કરીએ.

(૧) ઈમામ હુસૈન (અ.સ.)ની ઝીયારત થકી ગુનાહાની માફી મળે છે.

(૨) ઈમામ હુસૈન (અ.સ.)ની ઝીયારત થકી કયામતના દિવસે જલ્દી અને આસાન હિસાબ લેવાશે.

(૩) ઝીયારત થકી આખેરતમાં ઉચો દરજ્જો મળે છે.

(૪) ઈમામ હુસૈન (અ.સ.)ની ઝીયારત થકી નમાઝો કબુલ થાય છે.

(૫) જે ઈમામ હુસૈન (અ.સ.)ની ફઝીલતો બયાન કરશે તેનુ આયુષ્ય લાંબુ થશે.

(૬) જે માણસે ઈમામ હુસૈન (અ.સ.)ની કબરની ઝીયારત કરી હશે તેને અલ્લાહ (સુ.વ.ત) પોતે કયામતના દિવસે બચાવશે.

(૭) ઈમામ (અ.સ.)ની ઝીયારત થકી મોતમાં આસાની થાય છે,અને કબ્રનો ડર દુર થાય છે.

(૮) ઈમામ (અ.સ.)ની ઝીયારત માટે ખર્ચેલ ૧ દોરહમનો સવાબ ૧૦૦૦ દીરહમ જેટલો છે બલ્કે ૧૦૦૦૦ દીરહમ જેટલો.

(૯) રસુલે ખુદા (સ.અ.વ.) તેમના વસી હ.અલી (અ.સ.) તથા અઈમ્મા (અ.મુ.સ.) ઝાએરીન માટે દુઆ કરે છે.

(૧૦) ઈમામ હુસૈન (અ.સ.)નુ ફરમાન છે કે ‘જે મારી કબ્રની ઝીયારત કરશે તો આખેરતમાં હું તેનો મદદ કરીશ’.

(૧૧) ઈમામ (અ.સ.)ની ઝીયારતનો સવાબ અલ્લાહ સુબહાનહુ વ તઆલા પાસે મેહફુઝ છે. ઓછામાં ઓછા સવાબ એ છે કે ઝાએરીન જન્નતમાં જશે.

(૧૨) ઈમામ હુસૈન (અ.સ.)ના ઝાએરીનને બીજાઓ માટે શફાઅત કરવાનો અધિકાર મળશે.

સાલેહ બીન અકબા તથા સૈફ બીન અકબાએ અલ્કમા બીન મોહંમદથી રીવાયત કરેલ છે કે તેણે ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ને અરજ કરી, 'મને એવી કોઈ દુઆ બતાવો જે હું તમારીથી દુર હોઉ ત્યારે પઢુ.' ઈમામ બાકીર (અ.સ) મે તેમને ઝીયારતે આશુરા અન દુઆએ અલકમા શીખવી અને કહ્યું જો તમો આ ઝીયારત અને દુઆ પડશો તો જે ફરીશ્તાઓ મારી કબ્રની ઝિયારત કરે છે, તે બધા ફરીશ્તાઓ તમારા માટે દુઆ કરશે. ત્યાર પછી ઈમામ બાકીર (અ.સ.) મે કહ્યું કે જે સવાબ મારા રોઝા મુબારકની ઝીયારત માટે મખ્સુસ છે, તે જ સવાબ ઝીયારતે આશુરા તથા દુઆએ અલ્કમા પડવાવાળાને મળશે.

ઝિયારતે આશુરા હદીસે કુદસી છે, ઝિયારત જ.જીબ્રઈલ અ.સ.લવ્હે મહફુઝથી લાવ્યા અને રસુલે ખુદા સ.ને આપી, તેમણે અલી અ.સ.ને, તેમણે

ઈ.હસન અ.ને, તેમણે ઈ.હુસૈન અ.ને,તેમણે ઈ.સજ્જાદ અ.સ.ને,તેમણે ઈ.મોહમ્મદ બાકીર અ.સ.ને,તેણે ઈ.સાદીક અ.સ.ને,અને આ ઝિયારતનો સવાબ બતાવતા ઈ.સાદિક અ.સ. ફરમાવે છે, ઓ સફવાન હું આ ઝિયારતને ક્બુલ થવાની ખાત્રી આપુ છું, અલ્લાહ તેની દુઆને ક્બુલ કરશે... અલ્લાહ ત. તેને જન્નત નસીબ કરશે, અને દોઝખની આગતી બચાવી લેશે. તનો દરજ્જો બલંદ થશે, તેથી તેને શફાઅતનો હક મળશે. (ઝિયારતે આશુરાના ફાયદા પે.૧૭).

ઈમામ જાફરે સાદીક (અ.સ.) થી રીવાયત છે કે મુસીબત દુર કરવા માટે આમાલે આશુરા થકી ઈમામ હુસૈન (અ.સ.) ની મદદ માંગો. અલ્લાહ (સુ.વ.ત)એ ઝીયારત થકી માંગવામાં આવેલ દુઆ ક્બુલ કરવાની કસમ ખાધી છે અને ખુદા પોતાના વચનથી કદી ફરતો નથી. ગમે તેવી સખ્ત તકલીફો તથા મુસીબતો હોય તો જો લાગલગાટ ૪૦ દિવસ સુધી ઝીયારતે આશુરા

પઢવામાં આવે તો તે તકલીફો અને મુસીબતો દુર થાય છે.

‘અબ્કરીયુલ હેસાન’ના લેખક શેખ અલી અકબર નેહાવંદી કહે છે, કે સૈયદ એહમદે પોતાના લેખા મને મોકલ્યા જેમાં આ કીસ્સો હતો. તેઓ લખે છે કે ‘હું મસ્જીદે સહેલાના એક ખુણામાં બેઠો હતો. અચાનક, ત્યાં એક સૈયદ અમામા અને અબા પેહરેલા દાખલ થયા. તે સૈયદે ચારે તરફ જોયુ અને પછી મારી તરફ આવ્યા અને કહ્યુ, ‘તમે રોજ સવારે ઈમામે ઝમાના (અ.સ.) માટે ઝીયારતે આશુરા પડો છો, તેથી હવે તમો તમારા મહિનાનો ખર્ચો મારી પાસેથી લેજો, જેથી તમને બીજા કોઈ પર આધાર રાખવાની જરૂરત નથી.’ તેઓએ મને અમુક રકમ આપી અને કહ્યું, ‘આ મહિના માટે આ રકમ પુરતી છે. ત્યાર પછી તેઓ ચાલ્યા ગયા. તેમની હાજરીમાં હું એકદમ મુંજાઈ ગયો હતો. મને એમ લાગ્યુ કે જાણે મારા પગ ઝમીન સાથ ચીટકી ગયા છે. મારી ઝબાન બંધાઈ ગઈ અને હું કાંઈ

બોલી શકયો નહિ. જયાં સુધી તેઓ ગયા ત્યાં સુધી મારી આવીજ હાલત હતી. ત્યાર પછી મેં ચોમેર જોયું પણ તેઓ કયાંય દેખાયા નહી. (અબ્કરીયુલ હેસાન, ભા.૧, પા.૧૧૩).

મહંમદ અલી યઝદીનો એક મિત્ર હતો. જે ગુનેહગાર હતો. તે એક દિવસ મૃત્યુ પામ્યો. એક મહિના પછી તે મહમદઅલીનાં સ્વપનમાં આવ્યો. તેને સારી હાલતમાં જોઇને મહમદઅલીએ કહ્યું, તું તો ગુનેહગાર હતો. તારા આમાલ પ્રમાણે તું અઝાબમાં હોવો જાઈએ પરંતુ તુ તો સારી હાલતમાં છો.

તેણે કહ્યું તુ સાચુ કહે છે. ગઇ કાલ સુધી હુ દર્દનાક અઝાબમાં હતો. પરંતુ ગઈ કાલે હું જે કબ્રસ્તાનમાં દફન થયો, તે કબ્રસ્તાનમાં એક બાનુને દફન કરવામાં આવી. તેની કબ્ર પર ઈ.હુસયન અ.સ. આવ્યા અને તેણીની કબ્ર પરથો અઝાબ દૂર કરવાનો હુકમ આપ્યો અને તેની આજુબાજુની કબ્ર ઉપરથો

પણ અઝાબ દૂર થયો, અને તેણીની બદૌલત મને અઝાબથી મુકિત મળી.

મારા મિત્રએ મને તે કબ્ર તરફ ઈશારો કરી તેણીનું નામ કહ્યું. હું જયારે તે ઔરતનાં ઘરે, તેના પતિને મળ્યો. તો તેના પતિએ કહ્યું કે મારી પત્ની દરરોજ ઇ.હુસયન અ.સ.ની ઝિયારત પઢતી હતી, તે કયારેય ઝિયારતે આશુરા તર્ક કરતી ન હતી. (ઝિ.આશુરા વાકેઓ.૧૦)

ઇ.હુસયન અ.સ.ની ઝિયારત ઝિ.આશુરા થકી નજાત મળી. યકીનન ઇ.હુસયન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કિશ્તી છે.

આવા કરીમ, દયાળુ ઈમામ આખરી રૂખ્સત માટે ખૈમાં ઉપર આવે છે. અને અવાઝ આપે છે. ‘યા ઝયનબો યા ઉમ્મેકુલ્સુમ યા સુક્યનતો યા રબાબો અલયકુન્ન મિન્નિસલામ, તમારા ઉપર મારા આખરી સલામ થાય. મૌલાની આવાઝ સાંભળીને તમામ બીબીઓ ઉભી થઇ ગઇ. મૌલા, હઝરત ઈમામે

ઝયનુલ આબેદીન અ.નો પાસે આવ્યા કે જે બિમારીની હાલતમાં બિસ્તર ઉપર પડયા હતા. પીદરે બુઝુર્ગવારને જોઈને તઅઝીમ માટે સય્યદે સજજાદ ઉઠવા ચાહતા હતા પણ ઉઠી ન શકયા, ફુફી ઝયનબને કહ્યું,મને જરા ટેકો આપી બેસાડો.

ઈમામે ઝયુનલ આબેદીન અ.મે પુછયું કે : અએ બાબા! 'અયન અયન હબીબ ઈબ્ને મઝાહીર -અરે હબીબ ઈબ્ને મઝાહીર કયાં છે? કોતેલ બેટા. એમને કતલ કરી નાખવામાં આવ્યાં ! પુછયું અયન અયન મુસ્લિમ ઈબ્ને અવસજા ? ફરમાવ્યું કોતેલ. અરજ કરી : અયન અયન અમ્મી અબુલફઝલિલ અબ્બાસ, બાબા ! મારા કાકા અબ્બાસ કયાં છે? ફરમાવ્યું કે : તેઓ નહેરે ફુરાત ઉપર બાજુઓ કપાવી શહીદ થઈ ગયા. બિમારે કરબલાએ પુછયું અયનો અલિય્યનિલ અકબર-ભય્યા અલીઅકબર કયાં છે? ઈમામ અ.મે છેવટે ફરમાવ્યું : 'યા બોનય્ય માબકેય અહદુન ઈલ્લા અના વઅન્ત, ઝયનુલ આબેદીન! કયાં સુધી તમો

પુછશો અને હું કયાં સુધી જવાબ આપુ? બેટા! તમામ ખયમાઓ ખાલી થઇ ગયા. તમારી અને મારી સિવાય કોઇ બાકી રહયું નથી. અએ બેટા! હું પણ જઇ રહયો છું. મારાથી તમો રૂખ્સત થઇ લો.

આ સાંભળી બિમારે કરબલા બહુ જ રોયા અને ફુફીને ફરમાવ્યું કે : મારી લાકડી અને તલવાર લાવો. ઇમામે પુછયું બેટા ! તલવાર અને લાકડીને શું કરશો? અએ બાબા! લાકડીનો ટેકો દઇને ઉભા રહીશ અને તલવારથી તમારી મદદ કરીશ ! આ સાંભળીને ઇમામે હુસૈન અ.રોવા લાગ્યા અને ફરઝંદને છાતી સાથ લગાડયા. યતીમ બચ્ચાઓ અને બેવા બીબીયોને મારા પછી તમો ખ્યાલ રાખજો.

બેટા ઝયનુલ આબેદીન! જયારે વતનમાં જાવ તો મારા શીઆઓને મારા સલામ પહોંચાડજો અને કહેજો કે આલમે ગુરબતમાં તમારા મૌલાને શહીદ કરવામાં આવ્યા, અરે! એમની હાલત ઉપર રડજો અને જયારે ઠંડુ પાણી પીઓ ત્યારે એમની પ્યાસને યાદ કરજો.

અઝાદારો! મૌલાની કયામત ખેઝ રૂખ્સતીથો તમામ બીબીયો અને બચ્ચાઓ આપની ચોતરફ ભેગા થઇ ગયા, કોઇ પગ પકડે છે તો કોઇ હાથ પકડે છે, કોઇ દામન પકડી રાખે છે. હુસૈન અ.બધાયને દિલાસો આપે છે પણ આંમખાંથો આંસુ જારી છે. ચારો તરફથો અવાઝ આવી રહી છે.‘યા અબી યા અબી’ કોઇ કહી રહ્યું છે. ‘યા અખી યા યા અખી’ કોઇ યા સય્યદી યા સય્યદી’ કહીને ફરીયાદ કરી રહ્યું છે.

અરે! મઝલુમ હુસૈન કોને સમજાવે કેવી રીતે દિલાસો આપે! આપે કહ્યું બહેન! સબ્ર કરો. અને ઓરતો અને બચ્ચાઓને સમજાવો. મારૂં દિલ ટુટી જાય છે. ભાઇ! હું એવો સબ્ર કરીશ કે સબ્ર પણ ઝયનબથો આજિઝ થઇ જશે. પછી મૌલાએ ફરમાવ્યું કે બહેન ઝયનબ ! જયારે નમાઝે શબ માટે ઉઠો ત્યારે મને યાદ કરજો કે મારો એક ભાઇ મારી સાથ ઉઠતો હતો ! અને આ યતીમોનો તમો ખ્યાલ રાખજો.

હા અઝાદારો ત્રણ દિવસની ભુખ અને પ્યાસ! મઝલુમ કયાં સુધી લડે? આપે એક સદા સાંભળી ‘યા અય્યોહલ્લઝીન આમનું અવફુ બિલ ઓકુદ’ - એ ઈમાનવાળાઓ ! પોતાના વાયદાને પુરો કરો. ઈમામ અ.મે ફરમાવ્યું ‘ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન. અઝાદારો ! આકા ઘોડા ઉપર છે, અશ્કિયાઓએ મૌલાને ઘેરી લીધા છે. કોઈ તલવાર મારે છે, કોઈ બરછી મારે છે. તીરોથી એટલા બધા આપ ઝખમી થઈ ગયા કે ઘોડા ઉપર બેસવું મુશ્કિલ થઈ ગયું. છેવટે આપ ઘોડા ઉપરથી ઝમીન ઉપર તશરીફ લાવ્યા. ત્રીસ હઝાર અશ્કિયાઓએ ઈમામને ઘેરી લીધા.

મવાએઝે હસનામાં છે કે, કયારેક મૌલા ઉભા થઈ કેટલાંક પગલા ચાલે છે. અને કયારેક ઝમીન ઉપર પડી જાય છે. અઝાદારો! શું મૌલા કમજોરીના લીધે પડી જતા હતા? અરે, એવું ન હતું પણ જયારે ઈમામ ઉભા થતા હતા ત્યારે કોઈ શકી નેઝો મારતો હતો,

કોઈ તલવારનો ઘા કરતો હતો, એ કારણથી આપ પડી જતા હતા.

જનાબે ઝયનબ અ.મે અજબ હાલત જોઈ કે ભાઈની છાતી ઉપર કાતિલ સવાર થયો છે અને ઝબ્હ કરી રહયો છે, અરે! બેચેનીની સાથ રડીને કહેવા લાગ્યા અએ ઈબ્ને સાઅદ ખુદા તારી નસલને કાપી નાખે, મારો ભાઈ કતલ થઈ રહયો છે અને તું જોઈ રહે! આલમમાં કોહરામ બરપા થયો. હુસૈનના બચ્ચાંઓ યતીમ થઈ ગયા, જિબ્રઈલે અમીને અવાઝ આપી : ‘અલા કોતેલલ હુસૈનો બે કરબલા, અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

# મજલીસ - ૧૧
# ગમે હુસૈન અ.સ.માં વહેતા એક આસું થકી નજાત.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત**

**બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(સલવાત)**

ઈ.મોહમ્મદ બાકીર અ.ફરમાવે છે,‘‘ઈન્સાન, જીન્નાત, પક્ષીઓ અને પ્રાણીઓ ઈ.હુસૈન ઈબ્ને અલી (અ.સ.)ની મુસીબત ઉપર રડે છે,ત્યાં સુધી કે તેની આંખો માંથી આંસુ જારી થઈ જાય છે’’

ઇ.હુસૈન અ.સ.નાં ગમમાં નીકળેલું એક આંસુ કેટલું કિંમતી છે, કે આ આંસુ ઇન્સાનની નજાતનો સબબ બને છે. આવો આપણે એક વાકેઓ ઇ.સાદીક અ.સ.ની ઝબાની સાંભળીએ (સલવાત).

ઇ.જઅફરે સાદીક અ.સ. ફરમાવે છે. કયામતનાં દિવસે મલાએકા એક એવા ઇન્સાનને પકડીને જહન્નમ તરફ ખેંચતા ખેંચતા લઇ જતા હશે. તે ઇન્સાનનાં આઅમાલનામા માં કોઇ પણ અમલે ખૈર (નેકી) નહીં હોય.. તે સમયે એક મુનાદી અવાજ આપશે... અય મારા મલાએકા ઠહેરી જાવ.... આ શખ્સની એક અમાનત મારી પાસે જમા છે. થોડીવારમાં એક પાણીદાર, તાબદાર, કિંમતી અને નુરાની મોતની લાવવામાં આવશે, તેના નુરથી આખુ મહેશર પ્રકાશિત થઇ જશે. આ અમાનત રૂપી મોતી તે ગુનેહગારને આપી દેવામાં આવશે.

તે ગુનેહગાર બંદો કહશ, અય મારા પરવરદિગાર, મને કંઇ ઇલ્મ નથો,તું ગૈબનો જાણકાર છો, આની

હકીકત મને કહે. એક અવાજ આવ્યો. યા અબ્દી અય મારા બંદા.. આ મોતીએ આંસુ છે કે જે ગમે ઈમામ હુસૈન અ.સ.માં તારી આંખમાંથો નીકળીને તારા ગાલ ઉપર આવી ગયુ હતુ. તુ અમ્બીયા (અ.મુ.સ.) અન તેના અવસીયા અ.સ.પાસે જા અને તેની કિંમત કરાવ... તે શખ્સ દરેક નબી અને તેના વસી પાસે આ મોતીની કિંમત કરાવવા ગયો. પણ આ કિંમતી અમૂલ્ય મોતીની કિંમત કોઈ બતાવી ન શકયુ.. છેલ્લે તે ઇ.હુસૈન અ.સ.ની ખિદમતમાં આ મોતી લઇને આવે છે. જયારે ઇ.હુસૈન અ.સ.એ આ બંદાને જોવે છે,તો ઇ.હુસૈન અ.સ.ઉભા થઇ જાય છે અને એક મહેરબાન પિતા (બાપ) જે રીતે તેના દિકરાને ગળે લગાડે છે,તે રીતે મૌલા હુસૈન અ.સ.તે બંદાને ગળે લગાડે છે. અને આ મોતી લઇને અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થાય છે અને કહે છે.

અય મારા રબ, આ મોતી કે જે હકીકતમાં એ આંસુ છે, જે મારી મઝલુમીય્યત પર આ બંદાની આંખમાંથો

જારી થયું છે. તારી રહેમતથી આ ગુનહેગાર બંદાને આતીશે જહન્નમથી દૂર રાખ અને બેહિશ્ત (જન્નત) માં મારી પાસે જગ્યા આપ..

રહમતે ઈલાહી જોશમાં આવશે અને અવાઝ આવશે. યા હુસૈન (અ.સ.) મે તારા હકની ખાતીર તેને માફ કરી દીધો, અને તેના માં-બાપને પણ માફ કરી દીધા. અને તારા પડોસમાં જગ્યા આપી......

ઈ.સાદિક અ.સ.તેના એક સહાબી મિસ્માઅને પુછે છે, કે અય મિસ્માઅ તમે ઈરાકમાં રહો છો,તો તમે મઝલુમ ઈ.હુસૈન અ.સ.ની ઝિયારત માટ જાવ છો? મિસ્માઅ કહે છે, મૌલા હુસૈન અ.સ.ની ઝિયારત પર સરકારી રીતે પ્રતિબંધ છે અને હું લોકોમાં ખુબ જાણીતો છું, અગર ઝિયારત માટે જાવ તો હુકુમતની નજરે ચઢી જાવ અને મને મારી નાખવામાં આવે. ઈ.સાદીક અ.સ. પુછે છે, અય મીસ્માઅ તમે મઝલુમે કરબલા ઈ.હુસેન અ.સ.નાં મસાએબને યાદ કરો છો? તેણે કહ્યું હા મૌલા....ઈમામ અ.સ આગળ પુછે કે

મસાએબને યાદ કર્યા પછી સીનાઝની (માતમ) કરો છો? મીસ્માઅ કહે છે, હા મૌલા.. હું મસાએબે કરબલાને યાદ કરૂ છું અને રડું છુ અને માતમ કરૂ છું અને મારો હાલ એ થઇ જાય છ કે જમવાનુ પણ મારાથી છુટી જાય છે.

ઈમામ અ.ફરમાવે છે,અલ્લાહ તારા આંસુ ઉપર રહેમ કરે, કયામતનાં દિવસે તું અમારા અઝાદાર માતમ કરનારાનાં સમૂહમાં હશે, અને તે સમયે તને અમારી અઝાદારી અને માતમની કિંમત સમજાશે, જયારે તું સકરાતે મૌત (મૌતના અંતિમ સમય) હશે.મૌતના સમયે અમારા જદ્ તારી પાસે આવશે, અને મલેકુલ મૌતને તારી ભલામણ કરશે, તેમના હુકમથી મલેકુલ મૌત તારી સાથ તારી માઁ કરતા પણ વધું દયાળુ હશે, આટલુ ફરમાવતા ફરમાવતા ઈમામ અ.સ.રડવા લાગ્યા.

પછી ફરમાવ્યુ તમામ હમ્દો સના અલ્લાહ ત. માટે જમણે અમારી ઉપર રહેમતો નાઝીલ કરી છે અને અમને પણ રહેમતની સિફતથી નવાઝયા છે.

અય મિસ્માઅ, જયારથી અમીરૂલ મોઅમેનીન અ.સ. શહીદ થયા, તે દિવસે જમીન અને આસમાન રડી રહયું છે...

મીસ્માઅ! અમારી મઝલુમીય્યત પર વહેતુ આંસુ આંખમાંથી નીકળે તે પહેલા રહેમતે ખુદા નાઝીલ થાય છે. મીસ્માઅ, અમારી મઝલુમીય્યતમાં વહેતું એક આંસુ અગર જહન્નમમાં નાખવામાં આવે તો જહન્નમની આગ ઠંડી થઇ જાય.

મીસ્માઅ અમારા ઉપર રડનારા જયારે અમને તેનાં સરહાને જોશે, ત્યારે ખુશ થશે. આ ખુશી હૌઝે કૌસર સુધી પહોંચશે ત્યાં સધી કાએમ રહેશે હૌઝે કવસર અમારા ચાહવાવાળાઓને જોઈએ ખુશીથી છલકાઇ જશે.હોઝે કૌસરનું એક વખત પીધેલુ પાણી હંમેશા માટે પૂરંતુ થઇ જશે. અય મીસ્માઅ તમે એ

લોકોમાં શામીલ હશો. જેઓ હૌઝે કૌસરથી સૈરાબ થશે. (દમઅતુસ્સાકેબાહ પે.૧૧૩)

‘અસીરાને સિતમમાં લખ્યું છે કે, અઝાદારો ! કોણ હતું કે મઝલુમની લાશ પર આવે? અરે, આવવા વાળા તો ઘણા આવ્યા, પણ શા માટે આવ્યા? જરા દિલ પકડીને સાંભળો ! કોઇ આવ્યું અને મઝલુમનું પહેરણ ઉતારી ગયું, કોઇ આંગળી કાપીને વીંટી લઇ ગયું. હાય, ભાઇની ચાહવાવાળો બહેન પણ ભાઇની લાશ પર આવી.

સાહેબે મિફ્તાહુલ બુકા લખે છે કે ઉમરે સા’દ એહલેબયતને કત્લગાહમાં લાવ્યો, ત્યારે જનાબે ઝયનબે મકતલમાં એક નજર નાખી, તો શું જોયું કે બધી લાશોની વચમાં એક નીચાણવાળી જગ્યાએ એક લાશ પડી છે,જે બધાથી વધારે ઝખ્મોથી ચુરચુર હતી... લોહી વહેતું હતું....

આપનું દિલ તડપવા લાગ્યું. દોડીને તેઓ લાશ પાસે પહોંચી ગયા, અને ક્હેવા લાગ્યા. અય લાશએ

બેસર... બતાવ, તમે કોણ છો? શુ તમે ફરઝંદે ફાતેમા છો? શું તમે મારા ભાઇ છો? કોઇ જવાબ ન આવ્યો. વળી કહેવા લાગ્યા : શું તમે મારી આંખોનું નુર છો? દિલની ઢારસ છો? કોઇ જવાબ ન મળ્યો. ફરી કહેવા લાગ્યાં : અગર મારા ભાઇ હો, તો નાના રસુલે ખુદાનો વાસ્તો ! બાબા અલીયે મુરતુઝા અને માં ફાતેમા ઝહેરાનો વાસ્તો ! ભાઇ, મને જવાબ આપો! આજે ઝયનબ તમારાથી જુદી થઇ રહી છે...બહેન રૂખ્સત થઇ રહી છે... અરે, મારા ભાઇ હો તો જરા બેઠા થાવ!

રાવી કહે છે, કે એ દર્દનાક વિલાપ સાંભળી માથા વગરની એ લાશ એકદમ બેઠી થઇ ગઇ. જનાબે ઝયનબ સ.અ.એ લાશ પાસે બેસી ગયા... ભાઇને છાતીએ લગાડી, કપાયેલી ગરદન પર મોઢું રાખી કહેવા લાગ્યા. અલ યવ્મ વિદાઅના ફિરાક અમા તન્ઝુર એલત તોરાતી-ભાઇ, અય ભાઇ આજે જુદાઇનો દિવસ છે...

હું તમારા ઉપર કુરબાન થાઉ.. જરા એહલે હરમને તો જુઓ કે તેમનો કેવો હાલ છે ! બહેન ભાઈની લાશને વળગીને વિલાપ કરવા લાગ્યાં.રાવી કહે છે કે બહેનનો વિલાપ સાંભળી ભાઇ હુસયનની ગરદનમાંથી અવાજ આવ્યો : અય માઁ ની નિશાની બહેન ઝયનબ ! તમારા વિલાપથી હુસયન અ.સ.નું જીગર તડપી ઉઠયું... ઝયનબ સબ્ર કરો ! દુખિયા બહેન, સબ્ર કરો! ઝયનબે કહ્યું : ભાઇ, હું કેવી રીતે સબ્ર કરૂ ? તમારી લાશને આવી હાલતમાં જોઉ અને કઇ રીતે સબ્ર કરૂં? અય અલીની દીકરીઓ! અય ફાતેમાની બેટીઓ ! આવો, હુસયનની લાશની આખરી ઝિયારત કરી લો. એકદમ લાશથી લીપટાઇને આપ એટલું રડયાં કે બેહોશ થઇ ગયાં. જયારે હોશમાં આવ્યાં તો ભાઈની કપાયેલી ગરદનથી અવાજ આવ્યો : માજાઈ બહેન! અલ્લાહની મસ્લેહત ઉપર સબ કરો ! બહેન સબ્ર કરો....સબ્ર કરો...સલવાતુલ્લાહે અલલ હુસૈન અ.સ. વ લઅનતુલ્લાહે અલા અઅદાએહીમ

અજમઈન. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.

## મજલીસ - ૧૨

## મજલીસે અઝા થકી હીદાયત.

**બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.... રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે,**

**ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત**

**બેશક ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(સલવાત) મજલીસેઅઝા એ પણ આપણા માટે હિદાયતનો એક વસીલો છે.**

ઇ.સાદીક અ.સ. ફઝીલને ફરમાવે છે, કે શું તમે બેસીન અમારી હદીસોનો ઝિક્ર કરો છો? ફઝીલે કહ્યુ હા,મૌલા આપ ઉપર મારી જાન કુરબાન. આપે ફરમાવ્યુ,અમે આવી મજલીસોને દોસ્ત રાખીએ છીએ.

અમારા ઝિક્રને જીવંત રાખો. અલ્લાહ (ત.) રહેમ કરે તે શખ્સ ઉપર, જે અમારા ઝિક્રને બરપા કરે છે અને અમારી મુસીબતોને બયાન કરે છ. તેની આંખમાંથી આંસુ નીકળી જાય છે. અલ્લાહ (ત.) તેના ગુનાહોને બખ્શી આપે છે, ભલેને દરિયાના ફીણથી પણ વધારે હોય.(બેહારૂલ અનવાર ઉર્દુ વો.૧ પે.૧૧૮)

મજલીસે અઝાની ફઝીલત કેટલી છે, તે બતાવતો એક વાકેઓ સાંભળીએ.

એક ગામમાં એક યહુદી ઔરત હતી. તેનો પતિ યહુદી હતો. પરંતુ આ ઔરત મોઅમેના હતી, અને તેણે પોતાના ઈમાનને તેના યહુદી પતિથી છુપાવ્યું હતું.

આ ઔરત જયાં પણ મજલીસે હુસયન અ.સ. થતી, ત્યાં છુપી રીતે ભાગ લેતી.

એક વખત એક મોઅમીને અઝાએ હુસૈન અ.સ. બરપા કરવાનું નકકી કર્યું. આ ઔરતને ખબર પડી, તો તે મજલીસે શરીક થવા હોંશભેર તૈયાર થઇ ગઇ, પરંતુ તે

જ દિવસે તેના પતિએ ૪૦ મહેમાનોને દાવત આપી. ઘરમાં મહેમાન માટે જમવાનું તૈયાર કરવાનું હતું.. ઘરને સજાવવાનું કહ્યું હતુ.

બીજી તરફ મજલીસે અઝામાં શરીક થવાની તમન્ના હતા...,તેનું ઈમાન જોશમાં આવ્યું. ઘણા સમયથો મજલીસ ન હોતી કરી. મજલીસમાં ચાલી ગઇ. ગમે હુસયન અ.સ.માં આંસુ વહાવવા લાગી . મજલીસ તમામ થઇ, લોકો ઘરે જવા લાગ્યા ત્યારે તેને ખ્યાલ આવ્યો કે હવે શું થશે? ઘરે ૪૦ મહેમાનોની દાવત તેના પતિએ રાખી છે.તે તેના પતિનાં ખૌફથો ધ્રુજતી ધ્રુજતી ઘર તરફ આગળ વધી,અને જેની મજલીસમાં આવી હતી, તેના ઉપર ભરોસો રાખીને ઘરે પાછી ફરી.

જયારે તે ઔરત પોતાના ઘરે આવી. દરવાજે પહોંચી તો અંબર - અને કસ્તૂરીની ખુશ્બુ આવી રહી હતી. ઘરને મહેમાનો માટે સજાવી દેવામાં આવ્યું હતુ.ઘરની અંદર કાળા કપડામાં ત્રણ બાનુઓ રસોઇ બનાવી રહી હતી. આ મોઅમેના ઔરત દિલમાં ને

દિલમાં કહેવા લાગી. યા અલ્લાહ, હું આ શું જોઇ રહી છું? પછી આ ઔરત ઘરમાં દાખલ થઇ, અને હિંમત કરીને તે મોઅઝઝમાં પાસે ગઇ અને સલામ કરીને કહેવા લાગી, અય મોઅઝઝમાં તમે કોણ છો? જે મુજ હકીરનાં ઘરે ઝહેમત ઉપાડી રહયાં છો.આ સાંભળીને તે મોઅઝઝમાં રડવા લાગ્યા. અને કહેવા લાગ્યા. એ નેક ખાતુન, તું મારા મઝલુમ ફરઝંદ ઇ.હુસયન (અ.સ.)ની મજલીસમાં ગઇ હતીને! હું તેની
દુઃખીયારી માઁ ફાતેમા છું. આ બંને મારી દિકરીઓ ઝયનબ અને કુલસુમ છે. અને આ નાની દિકરી સકીના છે. તારા ઘરે મહેમાન આવવાનાં છે. અને તારો પતિ તને ઠપકો ન આપે, તે માટે અમે ખાવાનું પકાવવા અને તૈયારી કરવા આવ્યાં છીએ. મે મારા હાથ આ જમવાનું તૈયાર કર્યું છે અને મારી દિકરીઓએ તારા ઘરને સજાવ્યું છે. આટલું કહીને તેઆ ગાએબ થઇ ગયા.

થોડીવારમાં તેનો પતિ મહેમાનોને લઇને આવ્યો. તે ખુશ્બુ અને પકવાન અને ઘરની વ્યવસ્થા જોઇને નવાઇ પામ્યો. તેની પત્ની એ તેને હકીકત વર્ણવી પણ તેને ખાત્રી ન થઇ. જયારે જમવા માટે મહેમાનો સાથ તે બેઠો. ગયબથો અવાજ આવી. ખબરદાર ! ઇમાન વગર જમવાની વસ્તુને અડશો નહિ. પયગમ્બરે ખુદાની વ્હાલી દિકરીએ જમવાનું બનાવ્યું છે.ગયબી અવાજ સાંભળી, બધા નવાઇ પામ્યા. તેણીનો પતિ અને ચાલીસ મહેમાનો આ મોઅજીઝો જોઇને ઇસ્લામ લાવ્યા અને તે ઔરતનાં પતિએ ત્યારથો મજલીસે હુસયન અ.સ. શરૂ કરી.યકીનન મજલીસે અઝા થકી હિદાયત મળે છે. યકીનન ઇ.હુસયન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.(એહવાલુન્નીસા પેજ.૧૩૭,૧૩૮)

શીમ્ર મલઉનની એક પત્ની, જે મોઅમેના હતી, તેનો વાકેઓ સાંભળીએ.

જયારે શીમ્ર મલઉન ઇ.હુસૈન (અ.સ.)ના સરને લઇને કુફામાં આવ્યો,તો મોડુ થઇ ચુકયુ હત. દારૂલ અમારાનો દરવાજો બંધ થઇ ગયો હતો . તેથો તે મલઉન પોતાના ઘરે આવ્યો. સરે મુબારક ને માટી ઉપર રાખીને તેના પર થાળ ઢાંકી દીધો, અને પોતે સુઇ ગયો. તેની પત્નિએ તેને પુછયુ, ઘણા બધા દિવસ બહાર ગામ રહયો, કાંઇ લાવ્યો કે નહિ? તેણે કહયું, હા ઘણુ બધુ લાવ્યો છુ. સવારે આપીશ, આમ કહીને તે સુઇ ગયો.

રાતના શીમ્ર મલઉનની પત્નિ જાગી. તેણીને પોતાના ઘરમાં વિશેષ પ્રકારનું નુર દેખાયું. તેણે જોયું કે આંગણામાં રાખેલ થાળ-તશ્તની નીચેથી નુરની કિરણો નીકળી રહી છે, જે આસમાન તરફ જઇ રહી છે. આશ્ચર્ય અને મઝવણની સાથ શીમ્ર મલઉનની પત્નિ તશ્તની પાસે આવી. જોયુ તો તશ્ત નીચેથી ગિર્યાની (રડવાની) અવાજ આવી રહી છે. તેણી તશ્ત પાસે આવીને બેસી ગઇ.

તેણીને મેહસુસ થયુ કે તશ્તની નીચે કાંઇક છે. પાછી આવી શીમ્રને જગાડયો અને તેને પુરી વાત બતાવી અને પુછયુ કે તશ્ત નીચે શું છે? શીમ્ર મલઉન કહ્યું, એક ખારજીનું માથ છે. આરામથી સુવા દે. પત્નિ એ પુછયું, તેનું નામ શું છે? શીમ્ર બોલ્યો  હુસૈન (અ.સ.) નામ હતુ.

પત્નિ એ પુછયું, તેના પિતાનું નામ શું હતુ? શીમ્ર બોલ્યો અલી (અ.સ.). પત્નિ એ કહ્યું, તારી ઉપર અલ્લાહની લાઅનત થાય, હ.અલી અ.સ.ના ફરઝંદને ખારજી કહેતા તને શરમ નથી આવતી? આટલુ કહીને તે ઔરત બેભાન થઇને પડી ગઇ. જયારે ભાનમાં આવી તો કહેવા લાગી- અચ મજુસથી બદતર, તને તો નબીથી શરમ ન આવી કે જેના નામનો તું કલેમો પઢે છે અને તેમના ફરઝંદને ખારજી કહે છે. આમ કહીને આ ખાતુન ઉભી થઇ અને તશ્તની પાસે આવી. પછી પડોસીઓની ઔરતને બોલાવી અને તેમને તમામ વાકેઓ સંભળાવ્યો. તમામે ઇ.હુસૈન (અ.સ.)ના

કાતિલો પર લાઅનત કરી અને ગિર્યા તથા રોવાનું શરૂ કર્યુ.

શીમ્ર મલઉનની પત્નિનું બયાન છે કે જયારે ઘણી રાત્રી પસાર થઇ ગઇ, તો મેં અનુભવ્યુ કે મારા ઘરની દિવાલમાં તિરાડ પડી ગઇ છે અને અમુક પાકદામન ઔરતો તે ઘરમાં આવી. બે બીબીઓએ કાળા કપડા પહેરેલા હતા. એક બીબીએ આગળ વધીને મારા હાથમાંથો સર મુબારક લઇ લીધુ. મેં એક બીબીને પુછયું કે આ કોણ છે.? તેણે કહયુ આ ઉમ્મુલ મોઅમેનીન જ.ખદીઝા સ.અ. છે. અને તેમની સાથ આ ગરીબની માઁ રસુલ (સ.)ની દુખ્તર જ.ઝહરા (સ.અ.) છે.

થોડીવાર પછી અમુક મર્દ આવ્યા. તેમની વચ્ચે એક ખુબજ હસીન શખ્સ હતા. જેમનું ગિરેબાન ખુલ્લુ હતુ. માથા પર ધુળ હતી, અને આંખોમાંથો આંસુ વહેતા હતા. શીમ્રની પત્નિએ પુછયુ આ કોણ છે? તેને બતાવવામાં આવ્યુ કે વચ્ચે જ.રસુલે ખુદા (સ.) પછી

જ.હઝરત હમઝા (અ.),જ.જાફર (અ.), જ.અલી (અ.) અને જ.હસન (અ.) છે તેમણે પણ વારા ફરતી સરને ઉઠાવ્યું અને ઘણી વાર સુધી રોતા રહયા.

ત્યારબાદ જ.ખદીજા (સ.) મારી પાસે આવ્યા અને ફરમાવ્યુ -બીબી, જે જોઈએ તે કહો. તમે મારા પર એહસાન કર્યો છે. અગર જન્નતમાં અમારી સાથ રહેવા ઈચ્છતા હો, તો અમારી સાથ આવવા તૈયાર થઇ જાવ. હું બેદાર થઇ, જોયુ તો સરે હુસૈન (અ.) મારા ખોળામાં હતુ.શીમ્ર ઉભો થયો, તેણે મારી પાસેથી સર માંગ્યુ અને કહ્યુ સવાર થવા આવી છે, હું ઈબ્ને ઝિયાદ (મલઉન) પાસે માથ લઇ જઇશ. મેં કહ્યુ- ઝાલીમ તુ ચહુદી છે, પહેલા મને તલાક દે પછી બીજી વાત થશે. હવે હું તારી સાથ રહીશ નહિ. શીમ્રએ (મલઉન) તરત જ તલાક આપી દીધી અને સર માંગ્યુ તો ખાતુને કહ્યુ- હવે તો તે મને તલાક આપી દીધી છે, તારો અને મારો કોઇ સંબધ નથી. હવે તને સર મુબારક નહિ આપુ,ભલે તુ મને કત્લ કરી દે.

તે ઝાલિમે તલવારનો ઘા કર્યો અને તે ખાતુનને શહીદ કરી દીધા, આ ખાતુનની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઇ (દમઅતુસ્સાકેબાહ પે.૨૬૦ થી ૨૬૨)

અબુ મખ્નફે તુરમાહ ઇબ્ને અદીથી રિવાયત કરી છે. કે ૧૧ મી મોહરમની રાતે હું ઝખ્મોથી ચૂર લાશોની વચ્ચે પડયો હતો, કે ૨૦ સવારો આવ્યા. હું સમજયો કે ઇબ્ને ઝિયાદ પોતાની જીતની ચોકકસતા માટે આવ્યો પરંતુ આ બધા સવારો જયારે ઇ.હુસૈન (અ.સ.)ની લાશાની નજદીક આવ્યા તો સવારી પરથી ઉતરી ગયા.

એક શખ્સ મઝલુમે કરબલાના લાશાની નજદીક આવે છે અને બેસી જાય છે. પોતાના હાથથી સર વિનાના આ લાશાને ટેકો આપીને બેઠા કર્યા. પછી કુફાની તરફ હાથ લંબાવ્યો. મે જોયું કે તેમના હાથો પર ઇ.હુસૈન (અ.સ.)નું સર મુબારક હત. તેમણે સરને શરીર સાથ જોડી દીધુ. ઇ.હુસૈન (અ.સ.)એ અરજ

કરી - નાના મારા સલામ થાય. હું સમજી ગયો કે નબીએ અકરમ (સ.) છે. આપ (સ.)એ મઝલુમે કરબલાને ગળે લગાડયા. બેટા ઝાલિમોએ તને બેદર્દીથી કત્લ કરી દીધા છે. બેટા તેઓએ તને અંતિમ શ્વાસ વખતે પણ પાણી આપ્યુ નહિ. બેટા ! શું તેઓ તને ઓળખતા ન હતા? અલ્લાહની સામે તેઓએ ઘણી મોટી જુરઅત કરી છે.

પછી સાથ આવનારાઓને ફરમાવ્યું, અય બાબા ઈબ્રાહીમ, અય પિતા ઈસ્માઈલ, ભાઈ મુસા જુઓ તો ખરા આ ઝાલીમોએ મારા લખ્તે જીગરને કેવી રીતે શહીદ કરી દીધા. પછી તમામ અંબિયાએ એક પછી એક પુરસો આપ્યો. (દમઅતુસ્સાકેબાહ (ઉર્દુ) પે.૨૬૨).